# પીડિતના અધિકારોનો સારાંશ

## 1. સમજી શકવા અને સમજવામાં આવે તે માટે સમર્થ બનાવવા

તમારી પાસે સમજવામાં સરળ પડે તે રીતે માહિતી આપવામાં આવે અને સમજવામાં મદદ પૂરી પાડવામાં આવે તેવો અધિકાર છે, જ્યાં જરુરી હોય ત્યાં, અર્થઘટન અને અનુવાદ સેવાઓ સુધી પહોંચ સહિત.

## 2. ગેરવાજબી વિલંબ કર્યા વિના ગુનાની વિગતો નોંધવામાં આવે

ઘટના પછી બને તેટલી વહેલી તમે પોલીસ દ્વારા ગુનાની વિગતો નોંધવામાં આવે. જો તમારે સાક્ષી નિવેદન આપવા માટે અથવા ઇન્ટર્વ્યુ આપવાની જરુરી હોય, તો તમને આ પ્રક્રિયામાં મદદ કરવા માટે વધારાની સહાય પૂરી પાડવામાં આવે તેવો અધિકાર છે.

## 3. ગુનાની જાણ કરતી વખતે માહિતી પ્રદાન કરવામાં આવે

તમને ગુનાની જાણ કરતી વખતે લેખિત પુષ્ટિ મેળવવાની, ફોજદારી ન્યાય પ્રક્રિયા વિશે માહિતી પૂરી પાડવામાં આવે અને પીડિતો માટેના કાર્યક્રમો અથવા સેવાઓ વિશે જાણ કરવામાં આવે તેવો અધિકાર છે. આમાં એવી સેવાઓનો સમાવેશ થઇ શકે છે જ્યાં તમે શંકાસ્પદ વ્યક્તિ અથવા અપરાધીને મળી શકો છો, જેને પુન:સ્થાપન ન્યાય (રેસ્ટોરેટીવ જસ્ટીસ) તરીકે ઓળખવામાં આવે છે.

## 4. પીડિતોને ટેકો આપતી સેવાઓ માટે તમને રેફર કરવા અને તમારી જરૂરિયાતોને અનુરૂપ સેવાઓ અને સહાય પૂરી પાડવામાં આવે

પીડિતોને મદદ કરતી સેવાઓ સુધી તમને રેફર કરવામાં આવે તે અધિકાર છે, જેમાં તેમનો સીધો સંપર્ક કરવાનો અને તમારી જરૂરિયાતોનું મૂલ્યાંન કરવાનો અધિકાર શામેલ છે જેથી સેવાઓ અને સહાય તમારી જરૂરિયાતોને પૂરી કરવા માટે અનુરૂપ બનાવી શકાય. જો પાત્ર હોવ, તો તમને નિષ્ણાત સહાય સેવાઓ માટે રેફરલ ઓફર કરવાનો અને કોર્ટમાં ઉપલભ્ય વધારાની સહાય વિશે જણાવવામાં આવે તેવો અધિકાર છે, ઉદાહરણ તરીકે વિશેષ પગલાં.

## 5. વળતર વિશેની માહિતી પ્રદાન કરવામાં આવે

જ્યાં પાત્ર હોય, ત્યાં તમને ગુનાના પરિણામે થયેલ કોઇપણ ખોટ, નુકશાન, અથવા ઇજા માટે વળતરનો દાવો કેવી રીતે કરવો તે વિશે જણાવવામાં આવે તેવો અધિકાર છે.

## 6. તપાસ અને કાર્યવાહી વિશેની માહિતી પૂરી પાડવાંાં આવે

તમને તમારા કેસ વિશે અપડેટસ પૂરા પાડવામાં આવે અને મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવે ત્યારે જાણ કરવામાં આવે તેવો અધિકાર છે. તમને ન્યાય પ્રક્રિયાના અમુક તબક્કાઓ પર, સંબંધિત સેવા પ્રદાતા મારફત નિર્ણયો પર ફરીથી નજર કરવા માટે પૂછવાનો પણ અધિકાર છે.

## 7. પીડિત વ્યક્તિગત નિવેદન આપવા માટે

તમને પીડિત વ્યક્તિનું વ્યક્તિગત નિવેદન આપવાનો અધિકાર છે, જે કોર્ટને જણાવે છે કે ગુનાની તમને કેવી અસર થઇ છે અને ગુનેગારને સજા કરતી વખતે તે ધ્યાનમાં લેવામાં આવે. તમને પ્રક્રિયા વિશે માહિતી પૂરી પાડવામાં આવશે.

## 8. મુકદમા, મુકદમાની પ્રક્રિયા અને સાક્ષી તરીકેની તમારી ભૂમિકા વિશે માહિતી આપવામાં આવે

જો તમારો કેસ કોર્ટમાં જાય, તો તમને કોઇપણ સુનાવણીનો સમય, તારીખ અને સ્થાન અને સુનાવણીના પરિણામ વિશે સમયસર જણવવામાં આવે તેવો અધિકાર છે. જો તમારે પુરાવા આપવાની જરૂર હોય, તો મુકદમા પહેલાં યોગ્ય મદદ ઓફર કરવામાં આવે અને શક્ય હોય ત્યાં, જો કોર્ટ પરવાનગી આપે તો, પુરાવા આપતાં પહેલાં પ્રોસિક્યુટર સાથે મળવાની તક આપવામાં આવે.

## 9. કેસના પરિણામ અને કોઇપણ અપીલ વિશે માહિતી આપવામાં આવે.

તમને કેસનું પરિણામ જણાવવામાં આવે અને જો પ્રતિવાદી દોષિત ઠરે, તો સજાનો ખુલાસો આપવામાં આવે તે અધિકાર છે. જો ગુનેગાર તેમની દોષ સાબિતી અથવા સજા સામે અપીલ કરે, તો તમને અપીલ અને તેના પરિણામ વિશે જાણ કરવામાં આવે તેવો અધિકાર છે.

### 10. ખર્ચ ચૂકવવો અને મિલકત પરત કરવી

જો તમારે કોર્ટમાં હાજર રહેવાની અને પુરાવા આપવાની જરૂર હોય, તો તમને અમુક ખર્ચનો દાવો કરવાનો અધિકાર છે.  જો તમારી કોઇ મિલકત પુરાવા તરીકે લેવામાં આવી હોય, તો તમને તે શક્ય તેટલી વહેલી તકે પાછી મેળવવાનો અધિકાર છે.

### 11. દોષિત ઠર્યા બાદ અપરાધી વિશે માહિતી આપવી

જ્યાં પાત્ર હોય, તમને પીડિત સંપર્ક યોજનામાં આપમેળે રેફર થવાનો અધિકાર છે, જે તમને ગુનેગર અને જેલમાં તેમની પ્રગતિ વિશે, અને જો/જ્યારે તેઓ પેરોલ અથવા મુક્તિ માટે વિચારણા પાત્ર બને છે ત્યારે તમને માહિતી પૂરી પાડશે. જ્યાં લાગુ પડતુ હોય, તમને નવુ પીડિતનું વ્યક્તિગત નિવેદન આપવાનો પણ અધિકાર છે, જેમાં તમે કહી શકો છો કે ગુનો તમને કેવી રીતે અસર કરવાનું ચાલુ રાખે છે.

### 12. તમારા અધિકારો ન મળવા વિશે ફરિયાદ કરવી

જો તમે માનતા હોવ કે, તમને તમારા અધિકારો મળ્યા નથી, તો તમને સંબંધિત સેવા પ્રદાતાને ફરિયાદ કરવાનો અધિકાર છે.  જો તમે નાખુશ રહેશો, તો તમે સંસદીય અને આરોગ્ય સેવા લોકપાલનો સંપર્ક કરી શકો છો.

## પરિચય

### પીડિતનો કોડ (સંહિતા) શું છે?

ગુનાનો ભોગ બનેલ લોકો માટે પ્રેક્ટિસ કોડ [ફુટનોટ 1] સેવાઓ અને આ સેવાઓ માટે લઘુત્તમ ધોરણ નક્કી કરે છે જે ઇંગ્લેન્ડ અને વેલ્સમાં સંસ્થાઓ (સેવા પ્રદાતાઓ તરીકે ઓળખાય છે) દ્વારા અપરાધનો ભોગ બનેલા લોકોને પ્રદાન કરવી આવશ્યક છે.

### આ સંહિતા હેઠળ 'પીડિત' કોણ છે?

આ સંહિતા સ્વીકારે છે કે 'ફરિયાદી' અને 'સર્વાઇવર' શબ્દોનો ઉપયોગ ફોજદારી ન્યાય પ્રણાલીમાં પોલીસને ગુનાહિત આરોપ મૂકનાર વ્યક્તિનું વર્ણન કરવા માટે થાય છે.  જો કે આ સંહિતાના હેતુ માટે, 'પીડિત'ની વ્યાખ્યા આ પ્રમાણે છે:

- એક વ્યક્તિ[ફૂટનોટ 2] જેણે નુકસાન સહન કર્યું હોય, શારીરિક, માનસિક અથવા ભાવનાત્મક નુકસાન સહિત અથવા આર્થિક નુકસાન સહન કર્યું હોય જે સીધા ફોજદારી ગુનાને કારણે થયુ હોય [ફૂટનોટ 3]
- કોઇ વ્યક્તિના નજીકના સંબંધી [ફૂટનોટ 4] (અથવા કુટુંબના નામાંકિત પ્રવક્તા) કે જેનું મૃત્યુ સીધું ફોજદારી ગુનાને કારણે થયુ હોય.

તમે આ સંહિતા હેઠળ અધિકારો પણ મેળવી શકો છો જો તમે:

- જો ભોગ બનનારની ઉંમર 18 વર્ષથી ઓછી હોય તો તેના માપિતા અથવા વાલી [ફૂટનોટ 5] અથવા
- કુટુંબના નામાંકિત પ્રવક્તા જો પીડિતને માનસિક ક્ષતિ હોય અથવા ફોજદારી ગુનાને કારણે એટલી ખરાબ ઇજા થઇ હોય કે તેઓ વાતચીત કરવામાં અસમર્થ હોય અથવા તેમ કરવાની ક્ષમતાનો અભાવ હોય.

તમામ સેવા પ્રદાતાઓએ પીડિતના શ્રેષ્ઠ હિતોને પ્રાથમિક વિચારણા તરીકે ધ્યાનમાં લેવી જોઇએ અને પીડિતની ઉંમર, પરિપક્વતા, મંતવ્યો, જરુરિયાતો અને ચિંતાઓને ધ્યાનમાં લેવી જોઇએ.

## તમને કયા અધિકારો લાગુ પડશે?

તમને કયા અધિકારો લાગુ પડશે તેનો આધાર તેની પોલીસને જાણ કરવામાં આવેલ છે કે કેમ, જો કેસ કોર્ટમાં જાય છે, અને પ્રતિવાદીને દોષિત ઠેરવવામાં આવે છે કે કેમ, તેમજ તમારી વ્યક્તિગત જરૂરિયાતો અને સંજોગો પર રહેશે.  અધિકારો, 1, 4 અને 12 તમામ પીડિતોને લાગુ પડે છે. બાકીના અધિકારો માત્ર ત્યારે જ લાગુ થાય છે જ્યારે પોલીસને ગુનો નોંધાવવાં આવ્યો હોય. સંબંધિત સેવા પ્રદાતા તમને જણાવશે કે તમને કયા અધિકારો લાગુ પડે છે.

## મારી સાથે કેવો વ્યવહાર કરવામાં આવે તેની હું કેવી અપેક્ષા રાખી શકું?

તમને અધિકાર છે કે

- આદર, ગૌરવ, સંવેદનસીલતા, કરુણા અને સૌજન્ય સાથે વર્તન કરવામાં આવે:
- માહિતગાર પસંદગીઓ કરવાનો કે જેનો સંપૂર્ણ આદર કરવામાં આવે
- સંબંધિત ગોપનીયતા અને માહિતી સુરક્ષા કાયદાઓ હેઠળ તેમની જવાબદારીઓ અનુસાર સેવા પ્રદાતાઓ દ્વારા તમારી ગોપનીયતાનો આદર કરવામાં આવે; અને

- તમને અને તમારા પરિવારને ફોજદારી ન્યાય પ્રક્રિયાને સમજવામાં અને તેમાં જોડાવામાં મદદ કરવા માટે પૂરી પાડવામાં આવતી સેવાઓ છે અને જે કોઇપણ પ્રકારનો ભેદભાવ વિના વ્યાવસાયિક રીતે ઓફર કરવામાં આવે.

## સાક્ષીઓ માટે ટેકો

જો તમને શારીરિક, માનસિક અથવા ભાવનાત્મક નુકસાન અથવા આર્થિક નુકસાન સહિત, ગુનાની સાક્ષી આપવાના પ્રત્યક્ષ પરિણામ રૂપે નુકસાન થયુ હોય, તો તમે આ સંહિતાના હેતુઓ માટે ગુનાના શિકાર છો અને પીડિતોને સહાય કરતી સેવાઓને મેળવવા માટે સક્ષમ છો. તમારે પોલીસને નિવેદન આપેલ હોવાની કે ઇન્ટર્વ્યુ લેવાયલ હોવાની જરૂર નથી અથવા સાક્ષી તરીકે કોર્ટમાં હાજર રહેવી જરુર નથી.

અન્ય તમામ સાક્ષીઓ આ સંહિતા હેઠળ વીટનેસ ચાર્ટર [ફુટનોટ 6] હેઠળ પૂરી પાડવામાં આવતી સેવાઓનો ઉપયોગકરી શકે છે.

## રહેવાની સ્થિતિ

તમારી રહેવાસી સ્થિતિને ધ્યાનમાં લીધા વિના તમને આ સંહિતા હેઠળ સેવાઓનો અધિકાર છે. જો કે, જો ગુનો ઇંગ્લેન્ડ અથવા વેલ્સમાં આચરવામાં આવેલ હોય પરંતુ તમે અન્ય જગ્યાએ રહો છો, તો તમારે જ્યાં રહો છો ત્યાં સહાયક સેવાઓનો ઉપયોગ કરવો જોઇએ. જો તમારે ઇંગ્લેન્ડ અને વેલ્સમાં કોર્ટમાં પુરાવા આપવા જરુરી હોય, તો તમે ઇંગ્લેન્ડ અને વેલ્સમાં હોવ ત્યારે તમે સહાયક સેવાઓનો ઉપયોગ કરી શકો છો.

## વિદેશમાં હત્યા અથવા મનુષ્ય વધથી [ફુટનોટ 7] શોકગ્રસ્ત પરિવારો

યુનાઇટેડ કિંગડમની બહાર કરવામાં આવેલ બ્રિટિસ નાગરિકની હત્યાથી શોકગ્રસ્ત પરિવારોએ વિદેશી, કોમનવેલ્થ અને વિકાસ કાર્યાલયનો સંપર્ક કરવો જોઇએ. તેઓ તે દેશની પ્રક્રિયાઓ વિશે સહાય અને માહિતી પ્રદાન કરે છે જ્યાં ઘટના બની હતી, જેમાં મૃતકને સ્વદેશ પરત લાવવાનો સમાવેશ થાય છે. તેઓ મૃતક પરિવારને નિષ્ણાત સહાય સેવાઓ પાસે રેફર કરી શકશે. વધુ માહિતી 020 7008 5000 [ફુટનોટ 8] પર કોલ કરીને અથવા અહીંથી ઉપલબ્ધ છે: હત્યા અથવા માનવવધ મારફત પરદેશમાં મૃત્યુ

જ્યાં બ્રિટિશ નાગરિક વિદેશમાં હત્યા, માનવવધ અથવા બાળહત્યાનો ભોગ બને છે ત્યારે વિદેશી, કોમનવેલ્થ અને વિકાસ કાર્યાલય, પોલીસ અને ઇંગ્લેન્ડ અને વેલ્સમાં કોરોનરોની ભૂમિકાને સ્પષ્ટ

કરવામાં મદદ કરવા માટે એક સમજૂતી પત્ર છે. સમજૂતી પત્ર મૃતક અને તેમના પરિવાર બંને પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને સમજાવે છે કે કયા પ્રકારની સહાય ઉપલભ્ય છે.

## હું કેવી રીતે ખાતરી કરી શુ કે મને શ્રેષ્ઠ સેવા મળે છે?

સેવા પ્રદાતાઓ તમારા કેસ દરમિયાન તમારા સંપર્કમાં હોય તેવા વિવિધ લોકોની સંખ્યા ઘટાડવાનો પ્રયાસ કરશે અને જ્યાં પણ શક્ય હોય ત્યાં માહિતી માટે સંપર્કનું એક સ્થાન પૂરું પાડશે. આ સંહિતા હેઠળ તમારા અધિકારો પૂરા પાડવામાં તેમને મદદ કરવા માટે, તમારે:

- જો તમારી સંપર્ક વિગતો અથવા પસંદગીઓ બદલાય તો તેમને જણાવવુ જોઇએ
- જો તમે તમારા કેસ અથવા ફોજદારી ન્યાય પ્રક્રિયા સંબંધિત કંઇપણ વિશે ચોક્કસ ના હોવ તો તેમને પ્રશ્નો પૂછવા જોઇએ, અને
- સેવા પ્રદાતાઓને ઉચ્ચ ગુણવત્તાવાળી સેવા પહોંચાડવા અને તૈયાર કરવામાં મદદ કરવા માટે તેઓ જે સેવાઓ પૂરી પાડે છે તેના પર તમારા મંતવ્યો આપવા જોઇએ.

## જો હું આ સંહિતા હેઠળ ઓફર કરેલા અધિકારો મેળવવા માંગતો/માંગતી નથી તો શું થશે?

તમે નક્કી કરી શકો છો કે તમને આ સંહિતા હેઠળના તમામ અધિકારોમાંથી કેટલાક નથી જોઇતા. તમારે આ અંગે સંબંધિત સેવા પ્રદાતા સાથે ચર્ચા કરવી જોઇએ.

જ્યારે કેસ સક્રિય તપાસ અથવા કાર્યવાહી હેઠળ હોય અથવા ગુનેગાર તેમની સજા ભોગવી રહ્યો હોય ત્યારે તમે કોઇપણ સમયે આ કોડ હેઠળ અધિકારો મેળવવા માટે પાછા ફરવાનું પસંદ કરી શકો છો.  આ સંહિતા તમને આનો સામનો કરવા અને શક્ય હોય ત્યાં સુધી ગુનાનો ભોગ બનવામાંથી રીકવર થવામાં તમને મદદ કરવા માટે સહાય મેળવવાના અધિકારને  લાગુ પડતું નતી.

આ અધિકાર શું કોઇ પર દોષારોપણ કરવામાં આવ્યુ છે, ફોજદારી ગુના માટે કોઇને દોષિત ઠેરવવામાં આવ્યા છે અને તમે પોલીસને ગુનાની જાણ કરવાનું નક્કી કર્યું છે અથવા તમે તપાસમાં સહકાર આપવા માંગતા નતી તે ધ્યાનમાં લીધા વલગર ઉપલભ્ય છે.

## તમારા અધિકારો સુરક્ષિત રાખવામાં આવે

તપાસ અને કાર્યવાહી દરમિયાન અને પછી તમને ફરીથી પીડિત, ધાકધમકી અને બદલો લેવાથી સુરક્ષિત રાખવામાં આવે તેવો અધિકાર છે.  જો તમે તમારી તાત્કાલિક સલામતી માટે ચિંતિત હોવ, તો તમારે 999 પર પોલીસને સંપર્ક કરવો જોઇએ.

શંકાસ્પાદ (મુકદમા પહેલા) અથવા ગુનેગાર (ગુના સાબિતી બાદ) જેલમાંથી નાસી જાય તેવી અસંભવિત ઘટનામાં, પોલીસ તમારો સંપર્ક કરશે.  જો એવું મૂલ્યાંકન કરવામાં આવે છે કે શંકાસ્પદ અથવા ગુનેગાર તમને નુકસાનનું નોંધપાત્ર જોખમ ધરાવે છે, તો તેઓ તમારી સુરક્ષાની ખાતરી કરવા માટે કોઇ પણ જરુરી પગલાં લેશે.

જો તમે જેલમાંથી ગુનેગાર મારફત અનિચ્છનીય સંપર્ક ફરીથી મેળવી રહ્યા હોવ, તો તમારે 0300 060 669910 પર હર મેજેસ્ટીઝ પ્રિઝન એન્ડ પ્રોબેશન સરવિસ વિક્ટિમ હેલ્પલાઇનનો [ફૂટનોટ 9]0300 060 669910 ઉપર સંપર્ક સાધવો અથવા અહીં ઇમેલ કરોvictim.helpline@justice.gov.uk

જો તમારો સમુદાયમાં લાયસન્સ પર હોય તેવા અપરાધી મારફત અનિચ્છનીય સંપર્ક કરવામાં આવે, તો તમે પોલીસનો અથવા જો તમારી પાસે હોય, તો તમારા પીડિત સંપર્ક અધિકારીનો સંપર્ક કરી શકો છો. જો અપરાધી 18 વર્ષથી ઓછી ઉંમરન હોય, અને તમે અનિચ્છનીય સંપર્ક મેળવતા હોવ તો તમે પોલીસને તેની જાણ કરી શકો છો પરંતુ જો તમે જાણતા હોવ કે તે યુથ ઓફેન્ડિંગ ટીમ મારફત દેખરેક હેઠળ છે, તો તમે ટીમનો સીધો સંપર્ક કરી શકો છો.  યુથ ઓફેન્ડિંગ ટીમની સંપર્કની વિગતો અહીં ઉપલબ્ધ છે:www.gov.uk/government/collections/yough-offending-team-contact-details

## આ સંહિતા હેઠળ પૂરી પાડવામાં આવતી માહિતી

સેવા પ્રદાતાઓએ તેમની વેબસાઇટ ઉપર આ સંહિતા વિશે માહિતી સામેલ કરવી જ જોઇએ.  આ માહિતીએ પીડિતોને આ વેબસાઇટના યોગ્ય પાના સુધી દિશા-સૂચન પણ પૂરું પાડવું જોઇએ:GOV.UK

જ્યાં આ સંહિતા હેઠળ માહિતીની આપલે કરવાની આવશ્યકતા હોય, ત્યાં સેવા પ્રદાતાઓએ અસરકારક રીતે અને ડેટા પ્રોટેક્શન એક્ટ અને જનરલ ડેટા પ્રોટેક્શન રેગ્યુલેશન 2018 અને અન્ય સંબંધિત કાયદા હેઠળની તેમની જવાબદારીઓ અનુસાર આમ કરવું જોઇએ.

જ્યાં એક કેસમાં મોટી સંખ્યામાં પીડિતો સંડોવાયેલા હોય, જેમ કે બહુવિધ રોકાણકારો પીડિતો સાથે મોટા પાયે રોકાણની છેતરપિંડી, અથવા અન્ય અપવાદરૂપ કિસ્સાઓમાં, સેવા પ્રદાતા પીડિતને મેળવવાનો અધિકાર છે તેવી માહિતી [ફૂટનોટ 10]પીડિતોનો વ્યક્તિગત રીતે સંપર્ક કરવાને બદલે વૈકલ્પિક ચેનલો, જેમ કે તેમની વેબસાઇટ દ્વારા સંચાર કરી શકે છે.

આ સંહિતામાં કંઇપણ સેવા પ્રદાતાએ પીડિતને માહિતી પ્રદાન કરવાની જરૂર નતી જ્યાં તેની જાહેરાત:

- કોઇપણ વ્યક્તિને નુકસાન થઇ શકે છે

- કોઇપણ ફોજદારી તપાસ, અથવા અન્યથા કોઇપણ નાગરિક અથવા ફોજદારી કેસ, અથવા પેરોલ કાર્યવાહીના  યોગ્ય સંચાલનને અસર કરી શકે છે, અથવા
- સેવા પ્રદાતાના મતે, રાષ્ટ્રિય સુરક્ષાના હિતોની વિરુદ્ધ હશે.

## જો મીડિયા મારફત મારો સંપર્ક કરવામાં આવે તો શું?

સામાન્ય રીતે, પત્રકારો કોર્ટમાં બનતી ઘટનાઓમાં હાજરી આપી શકે છે અને તેની જાણ કરી શકે છે.  કેટલીકવાર, મીડિયા કેસમાં રસ લઇ શકે છે અને ટિપ્પણી માટે તમારો અને/અથવા તમારા પરિવારનો સંપર્ક કરી શકે છે.  તેઓ સાથે વાતચીત કરવાની તમારી કોઇ જવાબદારી નથી. છતાંપણ, તમારે સાવચેત રહેવું જોઇએ કે તમે કોર્ટ કેસના પરિણામને અન્યાયી રીતે પ્રભાવિત કરી શકે અને કોર્ટની તમે અવગણના કરો તેવું જોખમ રહે તેવું તમે કંઇ ન કરો [ફૂટનોટ 11]

જો તમને કોઇ ચિંતા હોય અથવા કોઇ સલાહ જોઇતી હોય, તો તમે પોલીસ અથવા પીડિત સહાય પ્રદાતા સાથે વાત કરી શકો છો.  વૈકલ્પિક રીતે, તમે સ્વતંત્ર પ્રેસ સ્ટાન્ડર્ડ ઓર્ગેનાઇઝેશનનો સંપર્ક કરી શકો છો,  જે તમારી ચિંતાઓ વિસે તમારી સાથે વાત કરશે અને વ્યવહારુ સલાહ અને માર્ગદર્શન આપશે.

## તબીબી સહાયની પહોંચ

જો તમે ગુનાનો ભોગ બન્યા હોવ અને પરિણામે શારીરિક અથવા માનસિક સ્વાસ્થ્યની જરૂરિયાતો હોય, તો તમે રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સેવાઓનો ઉપયોગ કરી શકો છો.  આ સેવાઓનો ઉપયોગ કરવા માટે તમારે પોલીસને ગુનાની જાણ કરવાની જરૂર નથી.

જો કોઇ વ્યક્તિ ગંભીર રીતે બીમાર હોય અને તેમના જીવનને જોખમ હોય, તો ઇમર્જન્સી સેવાઓને 999 પર કોલ કરો.  જો તે જીવન માટે જોખમી કટોકટી ન હોય, તો તમે ઘણા વિકલ્પો નો ઉપયોગ કરી શકો છો.  તમે:

- 111 (નેશનલ હેલ્થ સરવિસ ઇંગ્લેન્ડ) અથવા 0845 46 47 નોન-ઇમર્જન્સી મેડિકલ હેલ્પલાઇન પર કોલ કરો;
- તમારા સ્થાનિક રાષ્ટ્રીય સેવા વોક-ઇન સેન્ટર અથવા સ્થાનિક તાત્કાલિક સંભાળ કેન્દ્ર/નાની ઇજાઓ યૂનિટ અથવા એક્સીડન્ટ એન્ડ ઇમર્જન્સી (A&E) સરવિસ ડિપાર્ટમેન્ટમાં જાવ,
- તમારા જનરલ પ્રેક્ટિશનરની મુલાકત લો અથવા કોલ કરો, જે તમને માનસિક સ્વાસ્થ્ય સહાય સહિત નિષ્ણાત સેવાઓ ઉપર રેફર કરી શકે છે, અથવા
- ફાર્મસીસ્ટ સાથે વાતચીત કરો.

રાષ્ટ્રીય આરોગ્ય સેવાની સેવાઓ વિશે વધુ માહિતીwww.nhs.uk અથવા www.wales.nhs.uk પર અથવા, 111/0845 46 47 (ઇંગ્લેન્ડ/વેલ્સમાં) કોલ કરવા મારફત, અથવા તમારા જનરલ પ્રેક્ટીશનરની મુલાકાત લેવા મારફત ઉપલભ્ય છે.

પોલીસ મારફત રેફર કરવામાં આવે તે ઉપરાંત, તમે તમારી જાતને જાતીય હુમલા રેફરન્સ સેન્ટર (સેક્સ્યુઅલ એસલ્ટ રેફરલ સેન્ટર)માં રેફર કરી શકો છો. [ફૂટનોટ 12] આ કેન્દ્રોમાં ખાસ પ્રશિક્ષિત વ્યવસાયિકો છે કે જેઓ તમને બળાત્કાર અથવા જાતીય હુમલાનો અનુભવ થયો હોય તો તમને શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય બંને સહાય આપી શકે છે, પછી ભલે તમે પોલીસને ગુનાની જાણ કરવાનું પસંદ કરો કે નહીં.

તમે વિવિધ પ્રકારના મનોવૈજ્ઞાનિક અને ભાવનાત્મક પરામર્શન (કાઉન્સેલિંગ) અને ઉપચારાત્મક અભિગમોનો વિવિધ જગ્યાઓએથી ઉપયોગ કરી શકો છો, ઉદાહરણ તરીકે રાષ્ટ્રીય આરોગ્ય સેવા, સ્વૈચ્છિક ક્ષેત્રની સંસ્થાઓ અને ખાનગી પ્રેક્ટિસ. જો તમે યુનાઇટેડ કિંગડમમાં સમાન્ય રીતે નિવાસી ન હો, તો તમારે નોંધ લેવી જોઇએ કે કેટલીક આરોગ્ય સેવાઓને ચુકવણીમાંથી મુક્તિ આપવામાં આવી છે, જેમ કે પ્રાથમિક સંભાળ સેવાઓ; ત્રાસના કારણે થયેલ શારીરિક અથવા માનસિક બીમારી, સ્ત્રી જનન અંગ વિચ્છેદ, ઘરેલુ હિંસા, જાતીય હિંસા અથવા જો તમે આધુનિક ગુલામી અથવા માનવ તસ્કરીનો ભોગ બનેલ છો તેમ ઓળખવામાં આવ્યુ હોય તો શારીરિક અથવા માનસિક બીમારીની સારવાર માટેની સેવાઓ.  વધુ વિગતો અહીં ઉપલભ્ય છેwwww.gov.uk/guikdance/nhs-entitlements-migrant-health-guide

## કોરોનર્સ (મૃત્યુ સમીક્ષકો)

મૃત્યુ સમીક્ષકો આ સંહિતા હેઠળ પ્રદાતાઓ તરીકે શામેલ નથી.  આ એટલા માટે છે કે પૂછપરછ ફોજદારી કાર્યવાહી નથી અને શોકગ્રસ્ત પરિવારના સભ્યો પાસે પહેલેથી જ પૂછપરછમાં રસ ધરાવતા વ્યક્તિનો દરજ્જો છે જે તેમને ચોક્કસ કાયદાકીય અધિકારો આપે છે.  આમાં સાક્ષીને પૂછવાના સંબંધિત સવાલો અને દસ્તાવેજો અને અને પુરાવાઓનોખુલાસો મેળવવાનો અધિકાર શામેલ છે.  ગુનાનો ભોગ બનેલ વ્યક્તિના શોકગ્રસ્ત પરિવારના સભ્યો કે જેઓ પૂછપરછમાં સામેલ હોય તેઓએ તેના બદલે શોકગ્રસ્ત લોકો માટે કોરોનરની તપાસ અંગેના માર્ગદર્શનનો સંપર્ક કરવો જોઇએ જે અહીં ઉપલબ્ધ છે:www.gov.uk/government/publications/guide-to-coroner-services-andcoroner-investigations-a-short-guide

## આ સંહિતા હેઠળના અધિકારોને પૂરા કરવા માટે કોણ જવાબદાર છે?

નીચેની સંસ્થાઓ આ સંહિતા હેઠળ અધિકારો પૂરા પાડવા જરુરી છે.

- પોલીસ અને ક્રાઇમ કમિશનરો
- ઇંગ્લેન્ડ અને વેલ્સના તમામ પોલીસ દળો, બ્રિટિશ ટ્રાન્સપોર્ટ પોલીસ અને મિનિસ્ટ્રી ઓફ ડિફેન્સ પોલીસ

- પોલિસ વિટનેસ કેર યૂનિટો [ફુટનોટ 13]
- ક્રાઉન પ્રોસિક્યુશન સરવિસ
- હર મેજેસ્ટીઝ કોર્ટસ એન્ડ ટ્રાયબ્યુનલ સરવિસ
- હર મેજેસ્ટીઝ પ્રિઝન એન્ડ પ્રોબેશન સરવિસ
- નેશનલ પ્રોબેસન સરવિસ
- પેરોલ બોર્ડ ફોર ઇંગ્લેન્ડ અને વેલ્સ
- ક્રિમિનલ કેસીસ રીવ્યુ કમિશન
- ક્રિમિનલ ઇન્જરીઝ કોમ્પન્સેસન ઓથોરિટી
- UK સુપ્રિમ કોર્ટ
- યુથ ઓફેન્ડિંગ ટીમ્સ

આ સંહિતા હેઠળ કેટલાક પીડિતોને ઉપર સૂચિબદ્ધ સેવા પ્રદાતાઓ અને અન્ય સેવા પ્રદાતાઓના સંયોજન દ્વારા તેમના અધિકારો પ્રાપ્ત થશે જેમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- કોમ્પિટિશન એન્ડ માર્કટસ ઓથોરિટી
- ડિપાર્ટમેન્ટ ફોર બિઝનેસ, એનર્જી અને ઇન્ડસ્ટ્રીયલ સ્ટ્રેટેજી (ક્રિમિનલ એન્ફોર્સમેન્ટ)
- એન્વાયરમેન્ટ એજન્સી
- ફાયનાન્સીયલ કોન્ડક્ટ ઓથોરિટી
- ગેમ્બલિંગ કમિશ
- હેલ્થ એન્ડ સેફ્ટી એક્ઝેક્યુટીવ
- હર મેજેસ્ટીઝ રેવન્યુ એન્ડ કસ્ટમ્સ
- હોમ ઓફિસ (ઇમિગ્રેસન એન્ફોર્સમેન્ટ)
- ઇન્ફર્મેશન કમિશનર્સ ઓફિસ
- ઇન્ડીપેન્ડન્ટ ઓફિસ ફોર પોલિસ કોન્ડક્ટ
- નેશનલ ક્રાઇમ એજન્સી
- નેશનલ હેલ્થ સરવિસ
- નેચરલ રિસોર્સીઝ વેલ્સ
- ઓફિસ ઓફ રેલ એન્ડ રોડ
- સિરીયસ ફ્રોડ ઓફિસ

અન્ય સેવા પ્રદાતાઓની પણ ગુનાઓની તપાસ અને/અથવા કાર્યવાહીના સંબંધમાં ભૂમિકા હોઇ શકે છે.[ફુટનોટ 14] છતાંપણ પોલીસ અને ક્રાઉન પ્રોસિક્યુશન સરવિસથી વિપરીત, કે જેમની પાસે ગુનાઓની અને કાર્યવાહી કરવા માટે વ્યાપક માર્ગો છે, આ સેવા પ્રદાતાઓ ચોક્કસ સંજોગોમાં કરવામાં આવેલા ચોક્કસ પ્રકારના ગુનાઓની તપાસ અને કાર્યવાહી કરવા માટે મર્યાદિત છે. આ નિર્ધારિત કરશે કે તેઓ કઇ રીતે અને કેટલી વાર પીડિતોના સંપર્કમાં આવે છે.

આ સંહિતામાંના અધિકારો ફક્ત ત્યારે જ લાગુ પડે છે જ્યાં અન્ય સેવા પ્રદાતાઓ (જેમ કે ઉપર સૂચિબદ્ધ) ફોજદારી તપાસ કરવા અથવા કાર્યવાહી કરવાનો નિર્ણય લેવાની ઔપચારિક

જવાબદારી સ્વીકારે છે.  તેમ છતાં, અન્ય સેવા પ્રદાતાઓ દ્વારા હાથ ધરવામાં આવતા તમામ કાર્યો પોલીસ અને ક્રાઉન પ્રોસિક્યુશન સરવિસ દ્વારા હાથ ધરવામાં આવતા કાર્યો જેવા જ નથી.  જ્યાં કાર્યો આ સંહિતા હેઠળ સેવા પ્રદાતાની સમક્ષ હોય (ઉદાહરણ તરીકે અન્ય સેવા પ્રદાતા કથિત ગુનાની તપાસ અથવા કાર્યવાહી કરી રહ્યા હોય), તો તેઓએ અન્ય સેવા પ્રદાતા ઉપર સૂચિબદ્ધ છે કે કેમ તે ધ્યાનમાં લીધા વિના, અન્યાયી વિલંબ વિના સમાન અધિકારો પૂરા કરવા જોઇએ.

### પોલિસ કમિશનરોની ભૂમિકા

કાર્યક્ષમ અને અસરકારક પોલીસિંગને સુરક્ષિત કરવા માટે પોલીસ અને ક્રાઇમ કમિશનરો સ્થાનિક રિતે ચૂંટાય છે.  તેઓની કાનૂની ફરજ છે કે તેઓ તેમના વિસ્તારમાં પોલીસની પ્રાથમિકતાઓ નક્કી કરવા માટે પીડિતો સાથે પરામર્શ કરે અને તેમના વિસ્તારમાં પોલીસના મુખ્ય કોન્સ્ટેબલને જવાબદાર ગણે.  તેઓ આ સંહિતામાં દર્શાવેલ પીડિતોને સહાય કરતી ઘણી સેવાઓની સોંપણી કરવા માટે જવાબદાર છે.

### પીડિતો અને સાક્ષીઓ માટે કમિશનરની ભૂમિકા (વિક્ટીમ્સ કમિશનર)

આ સંહિતા હેઠળ પીડિત કમિશનર એક સેવા પ્રદાતા તરીકે સૂચિબદ્ધ નથી.  આ એટલા માટે છે કારણકે આ સંહિતાને નિયમિત સમીક્ષા હેઠળ રાખવા માટે કમિશરની વૈધાનિક જવાબદારી છે. પીડિતોના મંતવ્યો સાંભળવા, પીડિતોના દ્રષ્ટિકોણથી ફોજદારી ન્યાય પ્રણાલીને સમજવા અને ઉપલબ્ધ સેવાઓ અને સહાયને સુધારવામાં મદદ કરવાનો પ્રયાસ કરવા માટે તે કમિશનરોની ભૂમિકાનો એક ભાગ છે.  પીડિત કમિશનર વ્યક્તિગત કેસોમાં મદદ કરી શકતા નથી અથવા ફોજદારી ન્યાય એજન્સીઓને જુદા જુદા નિર્ણયો લેવા પડકાર આપી શકતા નથી.

## ઉન્ન્ત અધિકારો

સંહિતા સ્વીકારે છે કે જે પીડિતોને સંવેદનશીલ અથવા ડરાવી શકાય તેવા માનવામાં આવે છે, તેઓ સૌથી ગંભીર ગુનાનો ભોગ બને છે (જેમાં શોકગ્રસ્ત નજીકના સંબંધીનો સમાવેશ થાય છે) અથવા સતત નિશાન બનાવવામાં આવ્યા છે તેઓને વિશેષ સહાયની જરૂર હોવાની શક્યતા વધુ હોય છે (કેટલાક પીડિતો આમાંથી એક અથવા વધુ શ્રેણીઓમાં આવી શકે છે).  આવી સહાયમાં નિષ્ણાત સહાય સેવાને રેફરલ કરવામાં આવે, મુખ્ય નિર્ણયો લીધા પછી વહેલા સંપર્ક કરવામાં આવે, અને દરેક વ્યક્તિગત અધિકારોની અંદર વિશેષ પગલાં (અધિકાર 4 જૂઓ) પૂરા પાડવામાં આવે તેનો સમાવેશ થાય છે.

એકવાર સેવા પ્રદાતાઓએ ઓળખી કાઢ્યું કે તમે ઉન્નત અધિકારો માટે લાયક છો, તેમણે ખાતરી કરવી જોઇએ કે આ માહિતી આ સંહિતા હેઠળની જવાબદારીઓ ધરાવતા અન્ય સેવા પ્રદાતાઓને અને જ્યાં યોગ્ય હોય, પીડિતોને સહાય કરતી સેવાઓને આપવામાં આવે છે.

જો તમે ઉપર દર્શાવેલ શ્રેણીમાં આવતા નથી, તો સેવા પ્રદાતા તમારા સંજોગો અથવા અપરાધની અસરના આધારે ચોક્કસ ઉન્નત અધિકારો પૂરા પાડવાનું નક્કી કરી શકે છે.

## સંવેદનશીલ અથવા ડરાવવામાં આવેલ હોય તેવા પીડિત

તમે સંવેદનશીલ પીડિત તરીકે આ સંહિતા હેઠળ ઉન્નત અધિકારો માટે [ફૂટનોટ 15] પાત્ર છો જો:

- ગુના સમયે તમારી ઉંમર 18 વર્ષથી ઓછી છે [ફૂટનોટ 16] અથવા
- તમારા પુરાવાની ગુણવત્તા પર અસર થવાની શક્યતા છે કારણ કે તમે
    - માનસિક સ્વાસ્થ્ય અધિનિયમ 1983ના અર્થમાં માનસિક વિકારથી પીડિત છો
    - શારીરિક અક્ષમતા છે અથવા કોઇ શારીરિક વિકૃતિથી પીડિત છો.

જો સેવા પ્રદાતા માને છે કે કોર્ટમાં જુબાની આપવા અંગે તમારી તકલીફના ડરને કારણે તમારા પુરાવાની ગુણવત્તા પર અસર થશે તો તમે આ સંહિતા હેઠળના ઉન્નત અધિકારો માટે ડરતા પીડિત તરીકે પણ પાત્ર છો.

પીડિતને ડર લાગે તેમ છે તેનું મૂલ્યાંકન કરતી વખતે, સેવા પ્રદાતાએ ધ્યાનમાં લેવુ જ જોઇએ:

- શંકાસ્પદ, તેમના પરિવારના સભ્યો અથવા સહયોગીઓ અથવા અન્ય કોઇ વ્યક્તિ કે જે શંકાસ્પદ વ્યક્તિના અથવા કેસમાં સાક્ષી હોવાની સંભાવના છે તેના તરફથી પીડિત પ્રત્યેનું વર્તન
- પીડિતની ઉંમર
- જો સંબંધિત હોય તો, પીડિતની સામાજિક અને સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિ, ધાર્મિક માન્યતાઓ અથવા રાજકીય અભિપ્રાયો, વંશીય મૂળ, ઘરેલુ અને રોજગાર સંજોગો
- ગુનાની પ્રકૃતિ અને કથિત સંજોગો કે જેનાથી કેસ સંબંતિત છે (જાતીય અપરાધ અથવા માનવ તસ્કરીના પીડિતોને ડરાવવામાં આવેલ માનવામાં આવશે), અને
- પીડિત મારફત વ્યક્ત કરવામાં આવેલ કોઇપણ મંતવ્યો,

## સૌથી ગંભિર ગુનાનો ભોગ બનેલ પીડિતો

તમે સૌથી સંભીર ગુનાના પીડિત તરીકે સંહિતા હેઠળ ઉન્નત અધિકારો ધરાવો છો, જો તમે ફોજદારી ગુનાથી શોકગ્રસ્ત નજીકના સંબંધી, ઘરેલુ દુર્વ્યવહાર, તિરસ્કારને કારણે કરાયેલ ગુના, આતંકવાદ, જાતીય ગુનાઓ, માનવ તસ્કરી, આધુનિક ગુલામી, હત્યાનો પ્રયાસ, અપહરણ, ખોટી કેદ, જીવનને જોખમમાં નાંખવાના ઇરાદાથી લગાડેલ આગ અને ઇરાદાપૂર્વક ઘાયલ કરવા અથવા ગંભીર શારીરિક નુકસાન પહોંચાડવાાં આવેલ પીડિત હોવ.

જો તમને વારંવાર લક્ષ્ય બનાવાયેલ હોય તો સતત લક્ષ બનાવાયેલ પીડિત તરીકે આ સંહિતા હેઠળ વધારાના ઉન્નત અધિકારો ઉપલભ્ય છે:

### સતત લક્ષ્ય બનાવવામાં આવેલ પીડિતો

જો તમને અમુક સમયગાળા દરમિયાન ગુનાના સીધા શિકાર તરીકે વારંવાર લક્ષ બનાવવામાં આવ્યા હોય, ખાસ કરીને જો તમને ઇરાદાપૂર્વક નિશાન બનાવવામાં આવ્યા હોય અથવા જો તમે પજવણી અથવા પીછો કરવાના અભિયાનનો ભોગ બન્યા હોવ તો તમે આ સંહિતા હેઠળ સતત લક્ષ્ય બનેલ પીડિત તરીકે ઉન્નત અધિકારો માટે પાત્ર છો.

# અધિકાર 1 - સમજી શકવા અને સમજવામાં આવે તે માટે સમર્થ બનાવવા

1.1 તમને શું થઇ રહ્યું છે તે સમજી શકવા અને તમને સમજવામાં આવે તે માટે મદદ મેળવવાનો અધિકાર છે.  યોગ્ય પગલાંને ધ્યાનમાં લેવા માટે, સેવા પ્રદાતાઓએ કોઇપણ સંબંધિત વ્યક્તિગત લાક્ષણિકતાઓને ધ્યાનમાં લેવી જોઇએ જે સમજવા માટે અને તમને સમજવામાં આવે તે માટેની તમારી ક્ષમતાને અસર કરી શકે છે.  તમામ સેવા પ્રદાતાઓએ સરળ અને સુલભ ભાષામાં વાતચીત કરવી જોઇએ અને તમામ અનુવાદ અથવા અર્થઘટન સેવાઓ પીડિતને મફતમાં પૂરી પાડવી જોઇએ.

1.2 જો ગુનાની અસરને લીધે, તમે સમજવામાં અથવા તમને સમજવામાં આવે તે માટે સહાયતાની જરૂર હોય, તો તમને તમારી પસંદગીની વ્યક્તિ દ્વારા સહાય આપવામાં આવી શકે છે, સિવાય કે સેવા પ્રદાતા માનતા હોય કે તમારા શ્રેષ્ઠ હિતમાં નથી અથવા તે તપાસ અથવા કાર્યવાહીમાં અસર કરશે. આવા સંજોગોમાં સેવા પ્રદાતા તમને જણાવશે કે શા માટે.

1.3 જો તમને અંગ્રેજી સમજવામાં કે બોલવામાં તકલીફ પડતી હોય, તો તમને સમજવામાં મદદ કરવા માટે દુભાષિયા [ફૂટનોટ 18]નો ઉપયોગ કરવાનો અધિકાર છે, જ્યારે:

- એક ફોજદારી ગુનો નોંધાવતી વખતે [ફૂટનોટ 19]
- પોલિસ મારફત ઇન્ટર્વ્યુ લેવામાં આવે ત્યારે

- સાક્ષી તરીકે પુરાવો આપો ત્યારે

તમે કોઇપણ દસ્તાવેજનો અનુવાદ પણ પ્રાપ્ત કરી શકો છો જ્યાં ઇન્ટરવ્યુ અથવા કોર્ટની કાર્યવાહીના હેતુઓ માટે તમને આપવામાં આવેલ દસ્તાવેજ વાંચવા માટે જરૂરી હોય, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- નોંધાયેલ ગુનાની લેખિત સ્વીકૃતી
- જ્યાં ઇન્ટર્વ્યુ અથવા કોર્ટની સુનાવણીના હેતુઓ માટે કોઇ ચોક્કસ દસ્તાવેજ જોવાનું આવશ્યક છે જે તમને જાહેર કરવામાં આવે છે, તો દસ્તાવેજના સંબંધિત ભાગોની નકલ
- તમને મુકદામા (ટ્રાયલ)ની તારીખ, સમય અને સ્થાન વિશે માહિતી આપતો સંદેશાવ્યવહાર
- ફોજદારી કાર્યવાહીનું પરિણામ અને જ્યાં ઉપલબ્ધ હોય, ત્યાં નિર્ણય લેવાના કારણો
- પીડિતોને સમીક્ષા કરવાના અધિકાર હેઠળ કરવામાં આવેલી કોઇપણ ફરિયાદ અથવા વિનંતીનો પ્રતિભાવ.

1.5 તમે ઉપર સૂચિબધ્ધ કોઇપણ દસ્તાવેજોનો મૌખિક અનુવાદ અથવા સારાંશ મેળવી શકો છો, સિવાય કે આમ કરવાથી કાર્યવાહીની ન્યાયીતાને પૂર્વગ્રહ થશે.

1.6 વેલ્સમાં સાંભળવામાં આવેલા કેસ માટે, તમને પુરાવા આપતી વખતે વેલ્શનો ઉપયોગ કરવાનો કાનૂનિ અધિકાર છે અને કોર્ટ જરૂરી વ્યવસ્થા કરશે. [ફુટનોટ 22] તમને ગુનેગારના સ્થળને ધ્યાનમા લીધા વિના, વેલ્શમાં પેરોલ બોર્ડમાં પીડિત વ્યક્તિનું વ્યક્તિગત નિવેદન પૂરૂ પાડવાનો, તથા પેરોલ નિર્ણયનો સારાંશ વેલ્શમાં માંગવાનો અધિકાર છે.

# અધિકાર 2: ગેરવાજબી વિલંબ કર્યં વિના નોંધાયેલા ગુનાની વિગતો મેળવવી

2.1 તમને ઘટના પછી ગેરવાજબી વિલંબ કર્યા વિના પોલીસ દ્વારા નોંધાયેલવા ગુનાની વિગતો મેળવવાનો અધિકાર છે. જ્યારે તમે કોઇ ઘટનાની જાણ કરો છો, ત્યારે તમને ગુના વિશે વિગતો આપવા માટે કહેવામાં આવશે.

2.2 જો તમને સાક્ષી નિવેદન આપવા માટે કહેવામાં આવે, તો પોલીસ તમને સમજાવશે કે જો કેસનો મુકદમો ચાલે તો તમારે કોર્ટમાં પુરાવા આપવાની જરુર પડી શકે છે.

2.3 જો તમને ઇન્ટર્વ્યુ લેવાનું કહેવામાં આવે, તો કોઇપણ ઇન્ટરવ્યુ ગેરવ્યાજબી વિલંબ વિના થવો જોઇએ, ઇન્ટર્વ્યુની સંખ્યા ન્યુનતમ રાખવી જોઇએ અને જ્યાં શક્ય હોય ત્યાં તે જ વ્યક્તિ દ્વારા હાથ ધરવામાં આવવો જોઇએ.  તમે (અને તમારો પરિવાર) શંકાસ્પદ વ્યક્તિ સાથે જરુરી સંપર્ક ન કરો તેની ખાતરી કરવા માટે પોલીસે જરૂરી કોઇપણ પગલાં લેવા જોઇએ.

2.4 પોલીસે ધ્યાનમાં લેવું જોઇએ કે શું તમને વધારાની સહાયથી લાભ થશે, ઉદાહરણ તરીકે, દુભાષિયાની સહાય, અને તે હેતુ માટે પ્રશિક્ષિત વ્યાવસાયિકો દ્વારા અથવા તેમના મારફત કોઇપણ ઇન્ટરવ્યુ લેવામાં આવે છે. તેઓએ એ સુનિશ્ચિત કરવાની પણ કોશિશ કરવી જોઇએ કે તે હેતુ માટે રચાયેલ અથવા અનુકૂળ બનાવાયેલ જગ્યામાં થાય છે. જો આ શક્ય નહીં હોય, તો પોલીસ તમને જણાવશે કે શા માટે.

2.5 તમારી પાસે ઇન્ટર્વ્યૂમાં તમારી પસંદગીની એક વ્યક્તિને લાવવા માટે વિનંતી કરવાનો પણ અધિકાર છે. જો આ શક્ય નહીં હોય, તો પોલીસ તમને જણાવશે કે શા માટે.

જો પોલીસ અથવા ક્રાઉન પ્રોસિક્યુસન સરવિસ માને છે કે તમારા પુરાવાની ગુણવત્તાને નબળાઇથી પ્રતિકૂળ અસર થઇ શકે છે, તો તેઓએ ધ્યાનમાં લેવુ જોઇએ કે તમે નોંધાયેલ મધ્યસ્થી (અધિકાર 4 જૂઓ) પાસેથી સહાય મેળવવા માટે લાયક છો કે નહીં અને તમારી જરુરીયાતને આધારે અન્ય કોઇપણ વાજબી ગોઠવણો કરવી જોઇએ.

**નોંધણી કરાયેલ મધ્યસ્થી શું છે?**

નોંધણી કરાયેલ મધ્યસ્થી એ સ્વ-રોજગાર ધરાવતા સંચાર નિષ્ણાત છે જે સંવેદનશીલ પીડિતો અને સંદેશાવ્યવહારની મુશ્કેલીઓ ધરાવતા સાક્ષીઓને પોલીસ અને કોર્ટને ફોજદારી મુકદમામાં પુરાવા આપવા માટે મદદ કરે છે.

પીડિત/સાક્ષીને તેમની ઉંમર, શીખવાની અક્ષમતા, માનસિક વિકાર અથવા શારીરિક વિકલાંગતા કે જે તેમની વાતચીત કરવાની ક્ષમતાને અસર કરે છે તેના કારણે નોંધાયેલ મધ્યસ્થીની મદદની જરૂર પડી શકે છે. તે ઘણીવાર સાક્ષી પુરાવા આપવા સક્ષમ હોવા અને ન હોવા વચ્ચેનો તફાવત છે.

2.7 જો ફોજદારી કાર્યવાહીના હેતુઓ માટે તબીબી તપાસ જરૂરી હોય, તો તે ન્યૂનતમ રાખવા જોઇએ અને તે તમારી સંમતિને આધીન છે.

2.8 જો તમે જાતીય હિંસા, લિંગ-આધારિત હિંસા અથવા ઘરેલુ દુર્વ્યવહારના શિકાર છો, તો તમને વિનંતી કરવાનો અધિકાર છે કે ઇન્ટર્વ્યુ લેનાર પોલીસ અધિકારી તમારી પસંદગીના લિંગના હોય. પોલીસ તમારી વિનંતી પૂરી કરવી જ જોઇએ સિવાય કે આમ કરવાથી કાર્યવાહીની નિષ્પક્ષતાને અસર થાય. જો આમ થાય, તો પોલીસ તમને કહેશે કે શા માટે.

2.9 જો તમને સંવેદનશીલ માનવાાં આવે, ઉદાહરણ તરીકે 18 વર્ષથી ઓછી ઉમરના અથવા ડરી ગયેલ વ્યક્તિ (ઉન્નત અધિકારો જૂઓ). તો પોલીસ તમને અથવા તમારા માતા-પિતા/વાલીને પૂછશે, કે તમે ઇચ્છો છો કે તમારો પોલીસ ઇન્ટર્વ્યુ રેકોર્ડ કરવામાં આવે કે જેથી તમને શું બન્યુ છે તે તેમને કહેવા માટે સરળ બને. આ કોર્ટમાં તમારા પુરાવા તરીકે રજૂ થઇ શકે છે. તમે તમારા કોર્ટમાં ઊલટતપાસ પુરાવાને અગાઉના સમયે અગાઉથી રેકોર્ડ કરવા અને મુકદમાથી અલગ પણ કરી શકો. પોલીસ તમારી સાથે આ વિકલ્પ વિશે વાતચીત કરશે. જો તમે મુકદમા વખતે તમારો પુરાવો આપવા માંગતા હો, અને જો પાત્ર હોવ, તો કોર્ટ તમને તમારા પુરાવા આપવા કોર્ટથી દૂર એર લાઇવ-લિંક મારફત અથવા એક રિમોટ સાઇટથી ઊલટતપાસ કરવાની મંજૂરી આપી શકે છે, જેથી પ્રતિવાદીને મળવાનું જોખમ ઓછું કરી શકાય. છતાંપણ, જો તમે પસંદ કરો, તો તમે કોર્ટમાં પુરાવા આપી શકો છો. પ્રોસીક્યુટરોએ સાક્ષીઓને જાગૃત કરવા જોઇએ કે જ્યારે તેઓ વિચારી શકે છે કે તેઓ કેવી રીતે પુરાવા આપવાનું પસંદ કરી શકે છે, તે કોર્ટમાં અરજીને આધિન રહેશે અને અંતિમ નિર્ણય જજ (ન્યાયાધિશ) મારફત કરવામાં આવશે.

# અધિકાર 3:ગુનાની જાણ કરતી વખતે માહિતી પૂરી પાડવી

3,1 જો તમે પોલીસને ગુનાની જાણ કરો છો અથવા તમારા વતી કોઇ આરોપની જાણ કરવામાં આવી હોય, અથવા જો તપાસ દરમિયાન પીડિત તરીકે તમારો સંપર્ક કરવામાં આવે, તો તમને તમારા આરોપની લેખિત પુષ્ટિ કરવાનો અધિકાર છે.  આમાં ગુનાની મૂળ ભૂત વિગતો, ગુનાનો રેફરન્સ નંબર અને તમારા કેસ સાથે કામ કરતા પોલીસ અધિકારીની સંપર્ક વિગતોનો સમાવેશ થશે. પુષ્ટિકરણ એક પત્ર, ઇમેઇલ, ટેક્સ્ટ મેસેજ હોઇ શકે છે અથવા તે હાથ મારફત લખેલ હોઇ શકે છે.

3.2 જ્યાં પોલીસ માને છે કે લેખિત પુષ્ટિ મોકલવાથી તમને નુકસાન થવાનું જોખમ હોઇ શકે છે, ઉદાહરણ તરીકે, ઘરેલુ દુર્વ્યવહારના કિસ્સામાં, તો તેમણે એવી રીતે પુષ્ટિ આપવી જોઇએ કે જેથી તમારી સલામતી જોખમમાં ન આવે.

3.3  પોલીસ સમજાવશે કે તમે ફોજદારી ન્યાય પ્રક્રિયા અને એક પીડિત તરીકે તમારા અધિકારો વિશે વધુ માહિતી ક્યાંતી મેળવી શકો છો.  આમાં સલાહ અને સહાય ક્યાં અને કેવી રીતે મેળવવી તેની માહિતી શામેલ હશે.  ઉદાહરણ તરીકે, જ્યાં યોગ્ય અને ઉપલબ્ધ હોય, વળતર કેવી રીતે મેળવવું (અધિકાર 5 જૂઓ), તબીબી સહાય મેળવવી, નિષણાત સહાય, જેમ કે મનોવૈજ્ઞાનિક સહાય (મુકદમા પહેલાની થેરાપી અને કાઉન્સેલિંગ સહિત), અને વૈકલ્પિક રહેઠાણ.  જો તમે ઇગ્લેન્ડ અને વેલ્સમાં ન રહેતા હોવ તો પોલીસ કઇ વ્યવસ્થાઓ ઉપલબ્ધ છે તે પણ સમજાવશે.

**સુરક્ષિત રહેઠાણ મેળવવવુ**

જો તમે ઘરેલુ દુર્વ્યવહારનો અનુભવ કરી રહ્યા હોય તો ઘર્ણી સંસ્થાઓ છે જે સલામત રહેઠાણ કેવી રીતે મેળવવું તે અંગે સલાહ અને સહાય આપી શકે છે.  રાષ્ટ્રીય ઘરેલુ દુરુપયોગ હેલ્પલાઇન નિષ્ણાતોની સમર્પિત ટીમ દ્વારા દિવસના 24 કલાક, વર્ષના દરેક દિવસે કાર્યરત છે અને 0808 2000 247 પર સંપર્ક કરી શકાય છે.  સમારીટન્સ પણ દરરોજ, 24 કલાક ચાલુ રહે છે, અને 116 123 પર સંપર્ક કરી શકાય  વૈકલ્પિક રીતે, સામાજીક સેવાઓ (સોશિયલ સરવિસીઝ), જનરલ પ્રેકિટસનર્સ, ફાર્મસીઓ અને સિટિઝન્સ એડવાઇસ બ્યૂરો સહિતની અન્ય વિવિઘ સેવાઓ તમારા વિસ્તારમાં વધુ માહિતી અને દિસાસૂચન પુરું પાડી શકે છે.

વધુ માહિતી અહીં મળી શકે છે.  www.gov.uk/report-domestic-abuse મોટા ભાગની ઘરેલુ દુર્વ્યવહારની સહાયક સાઇટોમાં મર્યાદિત સમય ધરાવતા લોકો માટે ઝડપી બહાર નીકળવા માટેના વિકલ્પો હોય છે. જો તમને તાત્કાલિક જોખમ હોય તો તમારે 999 પર પોલીસનો સંપર્ક કરવો જોઇએ.

3.4 જો ગુનેગાર પુખ્ત વયના હોય, તો તમને પોલીસ પાસેથી પુન:સ્થાપન ન્યાય (રેસ્ટોરેટીવ જસ્ટીસ) વિશેની માહિતી મેળવવાનો અને તમારા સ્થાનિક વિસ્તારમાં પુન:સ્થાપિત ન્યાય સેવાઓને કેવી રીતે મેળવવી તે જાણકારી મેલવવાનો અધિકાર છે. જો ગુનેગાર 18 વર્ષ કરતાં ઓછી ઉંમરનો હોય, તો તમને યુથ ઓફેન્ડિંગ ટીમ પાસેથી પુન:સ્થાપન ન્યાય વિશેની માહિતી મેળવવાનો અધિકાર છે.

3.5 જો કે શરૂઆતમાં તમને પુન:સ્થાપિત ન્યાય અંગેની માહિતી પૂરી પાડવા માટે પોલીસ જવાબદાર છે, બધા સેવા પ્રદાતાઓએ ધ્યાનમાં લેવું જોઇએ કે શું તમને ફોજદારી ન્યાય પ્રક્રિયાના કોઇપણ તબક્કે આ માહિતી મેળવવાથી લાભ થશે કે કેમ.

**પુન:સ્થાપન ન્યાય શું છે?**

પુન:સ્થાપન ન્યાય એ એક પ્રક્રિયા છે જે ગુના દ્વારા નુકસાન પામેલા લોકોને અને નુકસાન માટે જવાબદાર લોકોને સંચારમાં લાવે છે તે ચોક્કસ ઘટનાથી પ્રભાવિત દરેક વ્યક્તિને નુકસાનની ભરપાઇ કરવામાં ભાગ ભજવવામાં સક્ષમ બનાવે છે જે આગળ સકાત્મક માર્ગ શોધવામાં મૂલ્યવાન હોઇ શકે છે. સંચાર ઘણાં સ્વરૂપો લઇ શકે છે, કેટલાક માટે આનો અર્થ ગુનેગારને સામ-સામે મળવાનો હોઇ શકે છે, અન્ય લોકો માટે, આ પત્ર, રેકોર્ડ કરેલા ઇન્ટર્વ્યુ અથવા વિડિયો દ્વારા વાતચીત કરી શકે છે. પુન:સ્થાપિત ન્યાયનું જે પણ સ્વરૂપ તમારા માટે સૌથી અનુકૂળ છે, પ્રશિક્ષિત સગવડકર્તાઓ તમને તૈયાર કરશે અને મદદ કરશે.

પુન:સ્થાપિત ન્યાય એ તમામ પક્ષકારો માટે સ્વૈચ્છિક છે અને તેમાં સગવડકર્તાઓ સહિત સામેલ તમામ દ્વારા સંમત થવું આવશ્યક છે કે તે આગળ વધવું સલામત અને યોગ્ય છે. તે ત્યારે જ થશે જ્યારે તમે, અને ગુનેગાર, કેસના મૂળભૂત તથ્યોને સ્વીકાર્યા પછી, બંને ભાગ લેવા માંગતા હોવ. તમારે ભાગ લેવાની જરૂર નથી અને તમે કોઇપણ સમયે ભાગ લેવાનું બંધ કરી શકો છો. તમે તમારા માટે યોગ્ય સમયે પુન:સ્થાપન ન્યાયમાં ભાગ લેવા માટે કહી શકો છો. તમને ભાગ લેવાની તક આપવામાં આવી શકે છે કારણ કે ગુનેગારને રેફર કરવામાં આવેલ છે અને તેમનું મૂલ્યાંકન સલામત તરીકે કરવામાં આવ્યું છે.

3.6 આ અધિકાર હેઠળની તમામ માહિતી અપરાધની જાણ કર્યાના કામકાજના 5 દિવસો (ઉન્નત અધિકારો હેઠળ 1 કાર્યકારી દિવસ)ની અંદર પ્રદાન કરવી આવશ્યક છે.

# અધિકાર 4 : પીડિતોને ટેકો આપતી સેવાઓ માટે તમને રેફર કરવા અને તમારી જરૂરિયાતોને અનુરૂપ સેવાઓ અને સહાય પૂરી પાડવામાં આવે

## જરૂરિયાતોની આકારણી

4.1 જ્યારે તમે પોલીસને ગુનાની જાણ કરો છો, ત્યારે તમને સહાય ઓફર કરવામાં આવે તેવો અધિકાર છે. આમાં આ સંહિતના પૃષ્ઠ 10 પર દર્શાવ્યા મુજબ તમે ઉન્નત અધિકારો પ્રાપ્ત કરવા માટે હકદાર છો કે કેમ તેનું મૂલ્યાંકન શામેલ હશે. આ મૂલ્યાંકન દરમિયાન તમે જે વધુ માહિતી પૂરી પાડવા માટે સક્ષમ છો તે સુનિશ્ચિત કરશે કે સેવા પ્રદાતાઓ તમારી જરૂરિયાતોને વધુ સારી રીતે પૂરી કરે તેવી મદદ અને સહાય પૂરી પાડવા સક્ષમ છે.

4.2 તમારા સમગ્ર કેસ દરમિયાન, જો તમે તેમને જણાવો કે તમારી જરૂરિયાતો કેવી રીતે બદલાઇ છે તો તમામ સેવા પ્રદાતાઓએ તમને ફરીથી મૂલ્યાંકન કરવાની તક આપવી જોઇએ.

4.3 જો તમારે પુરાવા આપવા માટે કોર્ટમાં હાજરી આપવાની જરૂર હોય, તો તમને મુકદમા અને કોર્ટ પહેલાં વધુ મદદ અને સહાયની જરૂર છે કે કેમ તે નિર્ધારિત કરવા માટે સાક્ષી સંભાળ એકમ દ્વારા એક અલગ જરૂરિયાત મૂલ્યાંકન ઓફર કરવામાં આવશે.

## પીડીતોને સહાય કરતી સેવાઓને રેફરલ

પીડિતને મદદ કરતી સેવાઓ તમને સામનો કરવામાં અને શક્ય હોય ત્યાં સુધી, ગુના પછી રીકવર થવામાં મદદ કરવા માટે છે. સહાય મેળવવી નિ:શુલ્ક છે, ભલે ગુનાની પોલીસને જાણ ન થઇ હોય. તમારા વિસ્તારમાં સહાય વિશે માહિતી માટે, તમારા સ્તાનિક પોલીસ અને ક્રાઇમ કમીશનરનો સંપર્ક કરો. [ફુટનોટ 23] મુલાકાત લો: www.gov.uk/get-support-as-a-victim-of-crime

4.5 જો તમે પોલીસને ગુનાની જાણ કરો છો, તો તમને પુન:સ્થાપન ન્યાય સેવાઓ સહિત પીડિતોને સહાયતા કરતી સેવાઓ ઉપર રેફર કરવામાં આવે તેવો અધિકાર છે. પોલીસ તમને તમારા સ્થાનિક વિસ્તારમાં ઉપલબ્ધ તમામ સપોર્ટ સેવાઓ વિશે જણાવશે. તમને કામકાજના 2 દિવસોમાં સહાયક સેવાઓ ઉપર રેફર કરવામાં આવશે, અને આ સેવાઓ ઉપલબ્ધતાના આધારે સહાય સુધી સમયસર પહોંચ પૂરી પાડવાનો પ્રયાસ કરશે.

4.6 જો તમે પોલીસને ગુનાની જાણ ન કરવાનું પસંદ કરો છો, તો પણ તમારી પાસે કોઇપણ સમયે સહાયક સેવાઓનો ઉપયોગ કરવાનો અધિકાર છે. તમે સ્થાનિક સહાયક સેવાઓનો સીધો સંપર્ક કરી શકો છો. તમારી નજીકની સહાયક સેવા શોધવા માટે, તમારા સ્થાનિક પોલીસ અને ક્રાઇમ કમિશનરનો સંપર્ક કરો [ફુટનોટ 24] અથવા મુલાકાત લો: www.gov.uk/getsupport-as-a-victim-of-crime

4.7 જો તમે શોકગ્રસ્ત નજીકના સંબંધી છો, તો તમને પોલીસ દ્વારા તમને અપાયેલ એક કુટુંબ સંપર્ક અધિકારી (ફેમિલી લિએઝોન ઓફિસર)ની સેવાનો અધિકાર છે, જ્યાં વરિષ્ઠ તપાસ અધિકારી યોગ્ય માને છે ત્યાં (આ મોટા ભાગના કિસ્સાઓમાં થશે). તમારા કૌટુંબિક સંપર્ક અધિકારી સામાન્ય રીતે તમારા અને સેવા પ્રદાતાઓ વચ્ચેના સંપર્કના એક સ્થળ/વ્યક્તિ તરીકે કાર્ય કરશે. જો તમારા કેસમાં હત્યા અથવા હત્યાના આરોપનો સમાવેશ થાય છે, તો તમને નેશનલ હોમીસાઇડ સરવિસ (રાષ્ટ્રિય હત્સા સેવા) અને અન્ય કોઇપણ સંબંધિત નિષ્ણાત સહાયક સેવા ઉપર રેફર કરવામાં આવે તેવો અધિકાર છે. આ ઓફર સામાન્ય રીતે તમારા કુટુંબ સંપર્ક અધિકારી દ્વારા કરવામાં આવશે

### નેસનલ હોમીસાઇડ સરવિસ (રાષ્ટ્રિય હત્યા સેવા) શું છે?

નેશનલ હોમીસાઇડ સરવિસ એ એક મફત સેવા છે જે આતંકવાદના કૃત્ય પછી સહિત, હત્યા અથવા માનવવધથી પીડિત પરિવારોને ભાવનાત્મક, વ્યવહારુ, નિષ્ણાત સહાય પૂરી પાડે છે.

4.8 તમારી જરૂરિયાતો અને તમારા કેસની પ્રકૃતિના આધારે, તમને નિષ્ણાત સહાયની ઓફર કરવામાં આવી શકે છે, ઉદાહરણ તરીકે સ્વતંત્ર જાતીય હિંસા સલાહકાર અથવા સ્વતંત્ર ઘરેલુ હિંસા સલાહકાર તરફથી. તમારા સલાહકાર સામાન્ય રીતે સમગ્ર કેસ દરમિયાન તમારા એકમાત્ર સંપર્ક તરીકે કાર્ય કરશે અને તમારા વતી પોલીસ, સાક્ષી સંભાળ એકમ અને ક્રાઉન પ્રોસિક્યુશન સરવિસ સાથે વાતચીત કરશે.

**સ્વતંત્ર જાતીય હિંસા સલાહકાર અથવા સ્વતંત્ર ઘરેલુ દુર્વ્યવહાર સલાહકારની ભૂમિકા શું છે?**
સ્વતંત્ર જાતીય હિંસા સલાહકાર એ સલાહકાર છે જે એવા લોકો સાથે કામ કરે છે, જેમણે બળાત્કાર અને જાતીય હુલાનો અનુભવ કર્યો હોય, પછી ભલેને તેઓએ પોલીસને જાણ કરી હોય કે નહીં.

સ્વતંત્ર ઘરેલુ હિંસા સલાહકારો ઘરેલુ દુર્વ્યવહારનો ભોગ બનેલા લોકો સાથે તેમના અનુભવો અને તેમના ચાલુ નુકસાનના જોખમને સમજવા માટે કામ કરે છે. તેઓ પીડિત સાથે વ્યક્તિગત સલામતી યોજના વિકસાવશે એની ખાતરી કરવા માટે કે તેમની પાસે સુરક્ષિત બનવા માટે જરૂરી બધું છે અને દુરુપયોગથી મુક્ત તેમના જીવન ફરીથી શરૂ કરવાનું શરૂ કરશે. આ યોજનામાં પીડિતોને વૈધાનિક સેવાઓ (જેમ કે આરોગ્ય સંભાળ અને આવાસ સેવાઓ) મેળવવા માટે સહાયક, મલ્ટી-એજન્સી રિસ્ક એસેસમેન્ટ કોન્ફરન્સમાં તેમનો અવાજ રજૂ કરવાનો અને તેમના સમુદાયોમાં અન્ય સ્વૈચ્છિક સેવાઓ સુધી પહોંચ મેળવવાનો સમાવેશ થઇ શકે છે. સ્વતંત્ર ઘરેલુ દુર્વ્યવહાર સલાહકારો વૈધાનિક સેવાઓથી સ્વતંત્ર છે અને પીડિતોને તેમની જરૂરિયાતોને અનુરૂપ સંબંધિત માહિતી અને સલાહ પૂરી પાવામાં સક્ષમ છે.

જો તમારે કોર્ટમાં પુરાવા આપવાની જરૂર હોય, તો તમને સાક્ષી સહાયક સેવા માટે રેફરલ પુરુ પાડવામાં આવે તેવો અધિકાર છે (અધિકાર 8 જૂઓ).

4.10 તમારા કેસના અંતે, પરિણામને ધ્યાનમાં લીધા વિના, તમને સહાયક સેવા માટે રેફરલ આપવામાં આવે તેવો અધિકાર છે, પછી ભલે તમે તેનો તમે અગાઉ ઉપયોગ ન કર્યો હોય. તમારી નજીકના પીડિતોને મદદ કરતી સેવા શોધવા માટે, તમારા સ્થાનિક પોલીસ અને ક્રાઇમ કમિશનરનો સંપર્ક કરો [ફૂટનોટ 25] અથવા મુલાકાત લો: www.gov.uk/get-support-as-a-victim-of-crime

## ખાસ પગલાં

4.11 તમે પાત્ર છો કે કેમ તે નિર્ધારિત કરવા માટે પોલીસ અથવા સાક્ષી સંભાળ એકમ દ્વારા તમારી જરૂરિયાતોનું મૂલ્યાંકન કરવાનો તમને અધિકાર છે અને વિશેષ પગલાંનો ઉપયોગ કરીને પુરાવા આપવાથી તમને ફાયદો થશે. [ફૂટનોટ 26] પોલીસ અથવા સાક્ષી સંભાળ એકમ તમને સમજાવશે કે કયા વિશેષ પગલાં ઉપલબ્ધ છે અને તેમ જેના માટે અરજી કરવાનું પસંદ કરી શકો છો તેના વિશે તમારા મંતવ્યો પૂછશે.

**ખાસ પગલાં શું છે?**
સંવેદનસીલ અથવા ભયભીત પીડિતો અને સાક્ષીઓ કોર્ટમાં તેમના શ્રેષ્ઠ પુરાવા આપવા અને પુરાવા આપવા સાથે સંકળાયેલ કેટલાક તણાવને દૂર કરવામાં મદદ કરવા માટે મુકદમા દરમિયાન ઉપયોગમાં લેવાતા વિશેષ પગલાં માટે માંગ કરી શકે છે. જો પાત્ર હોવ તો, અદાલત નક્કી કરશે કે શું વિશેષ પગલાં મંજૂર કરવા જોઇએ.

સામાન્ય વિશેષ પગલાંઓમાં સમાવેશ થાય છે: સાક્ષી બોક્સની આસપાસ સ્ક્રીન/પડદો હોવો અથવા લાઇવ વિડિયો-લિંક દ્વારા પુરાવા આપવા, કાં તો કોર્ટની અંદર અલગ રૂમમાંથી અથવા કોર્ટના મકાનની બહાર કોઇ સમર્પિત લાઇવ-લિંક સાઇટથી, જેતી તમારે પ્રતિવાદી અને કોર્ટ નિરીક્ષકોનો સામનો ન કરવો પડે. અન્ય વિશેષ પગલાઓમાં સામેલ છે:

- કોર્ટ રૂમમાં પ્રેસ અથવા જાહેર મંજૂરી વિના ખાનગીમાં પુરાવા આપવા;
- ક્રાઉન કોર્ટમાં ન્યાયાધિશ, બચાવ અને ફરિયાદ પક્ષના વકીલો મારફત પહેરવામાં આવતા વિગ અને ગાઉન દૂર કરવા;
- સંદેસાવ્યવહાર સાધનોનો ઉપયોગ અથવા પ્રશ્નોને સમજવા માટે મધ્યસ્થીની મદદ લેવી; અથવા
- પુરાવો પૂરો પાડવા અથવા અગાઉથી રેકોર્ડ કરેલા વિડિયો દ્વારા ઊલટતપાસ કરવામાં આવે છે, જેનો અર્થ એમ છે કે સાક્ષીએ મુકદમા વખતે પુરાવા આપવાની જરૂર નથી (સાક્ષી પુરાવા આપવા માટે અગાથી રેકોર્ડમાંથી મુકદમામાં હાજરી આપવા માટે તેમનો વિચાર બદલી શકતા નથી).

4.12 ન્યાયાધીશ અથવા મેજિસ્ટ્રેટ નક્કી કરશે કે શું ફરિયાદીની વિનંતીને પગલે વિશેષ પગલાં મંજૂર કરવા જોઇએ. સાક્ષી સંભાળ એકમ તમને ન્યાયાધીશ અથવા મેજિસ્ટ્રેટનો નિર્ણય જણાવશે (અધિકાર 8 જૂઓ). અને હર મેજેસ્ટીઝ કોર્ટ્સ અને ટ્રાયબ્યુનલ સરવિસના કોર્ટના કર્મચારીઓ ખાતરી કરશે કે કોર્ટમાં તમારા માટે આપવામાં આવેલ કોઇપણ વિશેષ પગલાં ઉપલબ્ધ છે.

# અધિકાર 5: વળતર વિશેની માહિતી પ્રદાન કરવામાં આવે

## કોર્ટ મારફત અપાતો વળતરનો આદેશ

5.1 જો પ્રતિવાદી દોષ કબુલ કરે છે અથવા દોષિત ઠરે છે, તો ન્યાયાધીશ અથવા મેજિસ્ટ્રેટ તમને ગુનાના પરિણામે થયેલા કોઇપણ ખોટ, નુકસાન અથવા ઇજા માટે તમને વળતર ચૂકવવાનો આદેશ આપી શકે છે. તમને પોલીસ દ્વારા વળતર કેવી રીતે મેળવવું તે જણાવવાનો અધિકાર છે અને તમને કોઇપણ ખોટ અથવા નુકસાનના પુરાવા પૂરા પાડવાનું કહેવામાં આવી શકે છે, ઉદાહરણ તરીકે, ગુના દરમિયાન થયેલા નુકસાનના સમારકામ માટે રસીદો અથવા ક્વોટેશનો.

## ક્રિમિનલ ઇન્જરીઝ કોમ્પન્સેશન સ્કિમ

5.2 જો તમને હિંસક ગુનાના સીધા પરિણામરૂપે ગંભીર શારીરિક અથવા માનસિક ઇજા થઇ હોય, તો તમે ફોજદારી ઇજાઓ વળતર યોજના (યોજના) દ્વારા વળતર મેળવવા માટે હકદાર બની શકો છો. આ યોજના ઇંગ્લેન્ડ, વેલ્સ અને સ્કોટલેન્ડમાં ઘાયલ થયેલા લોકો માટે છે. તમને વળતર માટે

કેવી રીતે અરજી કરવી તે પોલીસ મારફત જણાવવામાં આવે તેવો અધિકાર છે [ફૂટનોટ 28] (અધિકાર 8 જૂઓ).

5.3 યોજનાના સંચાલન માટે ક્રિમિનલ ઇન્જરીઝ કોમ્પન્સેસન ઓથોરિટી જવાબદાર છે.

5.4 તમારી અરજીમાં ઢીલ ન કરો. તમારે વાજબી રીતે વ્યવહારૂ હોય તેટલી જલદી અરજી કરવી પડશે. આ સામાન્ય રીતે ઘટનાની તારીકના બે વર્ષની અંદર હોવું જોઇએ. અપવાદરૂપ સંજોગો હોય ત્યાં જ ક્રિમિનલ ઇન્જરીઝ કોમ્પન્સેસન ઓથોરિટી સમય મર્યાદાને વિસ્તારી શકે છે. જો ઘટના સમયે તમારી ઉંમર 18 વર્ષથી ઓછી હોય તો જુદા જુદા નિયમો લાગુ પડે છે. વળતર માટે પાત્ર બનવા માટે, તમારે યોજનામાં નિર્ધારિત વ્યાપક પાત્રતા માપદંડોને પૂરા કરવાની જરૂર પડશે.

5.5 તમારે અરજી કરવા માટે ક્રિમિનલ ટ્રાયલ (ફોજદારી મુકદમા)ના પરિણામની રાહ જોવી જોઇએ નહીં. તમારો દાવો ગુનેગારની દોષ સાબિતી પર આધારિત નથી. જો કે, ક્રિમિનલ ઇન્જરીઝ કોમ્પન્સેસન ઓથોરિટી તમારી અરજીને જ્યાં સુધી તમને મુકદમાના પરિણામની જાણ ન થય ત્યાં સુધી હોલ્ડ પર રાખી શકે છે, જો તેમની પાસે તમારા દાવાને આગળ વધારવા માટે સક્ષમ થવા માટે પૂરતી માહિતી ન હોય તો.

5.6 યોજના છેલ્લો ઉપાય છે. જ્યાં અન્ય જગ્યાએ વળતર મેળવવાની તક હોય, ત્યાં તમારે તેમ કરવું જોઇએ. યોજના હેઠળ વળતર તમને કરવામાં આવેલી અન્ય વળતરની ચૂકવણીઓને ગણતરીમાં લેશે, જેમ કે કોર્ટે આદેશ આપેલ વળતર અથવા નાગરિક વ્યક્તિગત ઇજાનું વળતર. જ્યાં સુધી તમે તમારા માટે ઉપલબ્ધ અન્ય માર્ગો દ્વારા વળતર મેળવવા માટે વાજબી પગલાં ન લો અને તે પગલાંના પરિણામની રાહ ન જુઓ ત્યાં સુધી ક્રિમિનલ ઇન્જરીઝ કોન્પન્સેશન ઓથોરિટી દાવા પર નિર્ણય લેવાનું ટાળી શકે છે.

એક વાર તમે અરજી કરો પછી, ક્રિમિનલ ઇન્જરીઝ કોમ્પન્સેશન ઓથોરિટી પુષ્ટિ કરશે કે તમારી અરજી પ્રાપ્ત થઇ છે અને તે પ્રાપ્ત થયાના 20 કાર્યકારી દિવસોમાં્ તમારી અરજી સંબંધિત તમામ લેખિત પત્રવ્યવહારનો જવાબ આપશે.

તમારી અરજી પર વિચાર કર્યા પછી, તમને ક્રિમિનલ ઇન્જરીઝ કોમ્પન્સેશન ઓથોરિટીના નિર્ણયની સમીક્ષા કરાવવાના અધિકારની માહિતી આપવામાં આવશે, જેમાં તે નિર્ણયની સમીક્ષા કરવાની પ્રક્રિયા અને સમય મર્યાદાનો સમાવેશ થાય છે.

5.9 વળતર માટે અરજી કરવા વિશે વધુ માહિતી અહીંથી મળશે: www.gov.uk/claimcompensation-criminal-injury, પોલીસ, તમારી સ્થાનિક સહાય સેવામાંથી, અથવા 0300 003 3601 પર ક્રિમિનલ ઇન્જરીઝ કોમ્પન્સેશન ઓથોરિટીનો સંપર્ક કરીને મળી શકે છે.

5.10 જ્યારે તે સંહિતાના દાયરાની બહાર છે, વિદેશમાં આતંકવાદીઓના હુમલામાં ઘાયલ થયેલ યુકે પીડિતો પણ વિદેશી આતંકવાદ વળતર યોજનાના પીડિત તરીકે વળતર માટે હકદાર હોઇ શકે છ વળતર માટે અરજી કરવા વિશે વધુ માહિતી અહીંથી મળી શકશે:www.gov.uk/compensation-victim-terrorist-attack, અથવા ક્રિમિનલ ઇન્જરીઝ કોન્પન્સેશન ઓથોરિટીને 0300 003 3601 ઉપર ફોન કરવા મારફત.[ફૂટનોટ 30]

### નાગરિક (બિન ફોજદારી) વળતર

5.11 ફોજદારી ન્યાય પ્રક્રિયાની બહાર શંકાસ્પદ વ્યક્તિ અથવા ગુનેગાર પાસેથી વળતર મેળવવાનું શક્ય છે.  જો તમે નાગરિક વળતર માટે અરજી કરવાનું વિચારવા માંગતા હો, તો તમારે વકિલ પાસેથી કાનૂની સલાહ અને સહાય લેવી જોઇએ.

### વળતરનો દાવો કરવા અંગે કાનૂની સલાહ/સહાય મેળવવી.

5.12 જો તમારે કાનૂની સલાહ અને/અથવા સહાયની જરૂર હોય તો વકીલનો સંપર્ક કરવો જોઇએ. જો તમારી આવક ઓછી હોય અથવા બેનિફિટ મળતા હોય તો તમે ખર્ચને આવરી લેવામાં મદદ કરવા માટે કાનૂની સહાય (લિગલ એઇડ) મેળવી શકશો.  તમે લિગલ એઇડ માટે પાત્ર છો કે કેમ તે અંગે વધુ માહિતી અહીં ઉપલભ્ય છે: www.gov.uk/legal-aid

સ્થાનિક વકીલ શોધવા માટે તમારે લો સોસાયટીનો અહીં સંપર્ક સાધવો જોઇએ: www.lawsociety.org.uk

## અધિકાર 6. તપાસ અને કાર્યવાહી વિશેની માહિતી પૂરી પાડવાાં આવે

6.1 જ્યારે તપાસ અંગેના મુખ્ય નિર્ણયો લેવામાં આવે ત્યારે પોલીસ દ્વારા તમને જણાવવાનો અને જ્યાં લાગુ પડે ત્યાં કામકાજના 5 દિવસોમાં (ઉન્નત અધિકારો હેઠળ કામકાજના 1 દિવસમાં) તમને કારણો સમજાવવામાં આવે તે અધિકાર છે. જ્યારે શંકાસ્પદ વ્યક્તિને:

- ગિરફતાર કરવામાં આવે;
- સાવધાની હેઠળ ઇન્ટર્વ્યુ લેવામાં આવે;
- તહોમત મુક્યા વિના (ચાર્જ કર્યા વિના) છોડી દેવામાં આવે; અને
- પોલીસની જમાનત પર અથવા તપાસ હેઠળ છોડી દેવામાં આવે અથવા જો પોલીસની જામીનની શરતો બદલાય અથવા રદ કરવામાં આવે.

જો પોલીસ તમારા કેસની તપાસ ન કરવાનું નક્કી કરે છે, તો તમને કામકાજના 5 દિવસોની અંદર આ સમજૂતી આપવામાં આવશે (ઉન્નત અધિકારો હેઠળ કામકાજના 1 દિવસ) પોલીસ તમને એક સહાયક સેવા પર રેફરલ મોકલવાની ઓફર પણ કરશે.

6.3 જ્યાં પોલીસ તમારા કેસની તપાસ કરશે, તેઓ તમારી સાથે ચર્ચા કરશે કે તમે કેટલી વાર અપડેટસ મેળવવા માંગો છો અને સંપર્ક કરવાની પસંદગીની પદ્ધતિ કઇ છે.  તમે કોઇ પણ સમયે તમારી પસંદગીઓ અપડેટ કરી શકો છો.

કેસ કોર્ટમાં જવો જોઇએ કે નહીં તે અંગેની તપાસ અને નિર્ણયમાં લાંબો સમય લાગી શકે છે અને મુખ્ય નિર્ણયો વચ્ચે લાંબો સમય હોઇ શકે છે. જો તમે આ સમય દરમિયાન સંપર્ક કરવા માંગતા હોવ તો પોલીસ તમારી સાથે ચર્ચા કરશે અને તપાસ દરમિયાન જો તમને કોઇ પ્રશ્નો હોય તો તમને સંપર્ક વિગતો પૂરી પાડશે

એવા સમયો હોઇ શકે છે જ્યારે સેવા પ્રદાતા તમને અપડેટસ પૂરા પાડવામાં અને/અથવા સંપર્કની તમારી પસંદગીની પદ્ધતિનો ઉપયોગ કરવામાં અસમર્થ હોય, પરંતુ આ કિસ્સાઓમાં, તેઓ તમને શા માટે તે કહેશે.

6.6 કેટલાક કિસ્સાઓમાં, પોલીસ અથવા ક્રાઉન પ્રોસિક્યુશન સરવિસ કેસને કોર્ટમાં લઇ ગયા વિના તેને હાથ ધરવાનું નક્કી કરી શકે છે. તેને કોર્ટની બહારનો નિકાલ કહેવામાં આવે છે. [ફૂટનોટ 31] આ ઘટનાને પ્રમાણમાં ઝડપથી ઉકેલવામાં સક્ષમ બનાવે છે અને વધુ ગુનાઓને રોકવામાં્ વધુ અસરકારક સાબિત થઇ શકે છે.

6.7 જ્યાં પોલીસ અથવા ક્રાઉન પ્રોસિક્યુશન સરવિસ કોર્ટની બહારના નિકાલ અંગે વિચારણાં કરતી હોય ત્યારે તમને તમારા મંતવ્યો પૂછવામાં આવે અને નિર્ણય લેવામાં આવે ત્યારે આ વિચારોને ધ્યાનમાં લેવામાં આવે તે માટેનો અધિકાર છે. જ્યાં વ્યવહારિક કારણોસર આ શક્ય નથી, ત્યાં પોલીસ અથવા ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસ તમને શા માટે તે જણાવશે.

6.8 પોલીસ અથવા ક્રાઉન પ્રોસિક્યુશન સરવિસ ગુનાના સંપૂર્ણ સંજોગો અને તમારા વિચારોને ધ્યાનમાં લીધા પછી અંતિમ નિર્ણય લેશે. ગુનેગારને કોર્ટની બહારનો નિકાલ આપવામાં આવે, તો કામકાજના 5 દિવસોમાં (ઉન્નત અધિકારો હેઠળ કામકાજના 1 દિવસમાં) તેમના નિર્ણયના કારણો તમને જણાવવામાં આવે તેવો અધિકાર છે

6.9 જ્યારે પોલીસે તેમની તપાસ પૂરી કરી લીધી હોય, ત્યારે તેઓ નક્કી કરી શકે છે કે આગળ શું થવું જોઇએ, અથવા વધુ ગંભીર ગુનાઓ માટે, ક્રાઉન પ્રોસિક્યુશન સરવિસને માહિતી મોકલી શકે છે,જેઓ પછી નક્કી કરશે કે કેસને કોર્ટમાં લઇ જવા માટે પૂરતા પુરાવા છે કે કેમ.

જો પોલીસ અથવા ક્રાઉન પ્રોસિક્યુશન સરવિસ શંકાસ્પદ વ્યક્તિ સામે કાર્યવાહી ન કરવાનું નક્કી કરે તો તમને નિર્ણયના કામકાજના 5 દિવસોમાં (ઉન્નત અધિકારો હેઠળ કામકાજના 1 દિવસમાં) નિર્ણય વિશે જણાવવામાં આવે તે અધિકાર છે કે:

- નિર્ણય શા કારણે લેવાયેલ છે;
- વધુ માહિતી કેવી રીતે મેળવવી;
- નેશનલ પોલિસ ચિફ્સ કાઉન્સિલ અથવા ક્રાઉન પ્રોસિક્યુશન સરવિસ પિડીતોની સમીક્ષા કરવાના અધિકાર હેઠળ સમીક્ષાની કેવી રીતે માંગણી કરવી અને રજૂઆત કેવી રીતે કરવી [ફૂટનોટ 32]; અને
- સહાયક સેવાઓ માટે રેફરલ કેવી રીતે મેળવવું

પોલીસ અથવા પ્રોસિક્યુશન સરવિસના નિર્ણયથી નાખુશ હોવ, તો તમને નેશનલ પોલીસ ચીફ કાઉન્સિલ અથવા ક્રાઉન પ્રોસિક્યુશન સરવિસ પીડિતોની યોજનાઓની સમીક્ષા કરવાના અધિકાર હેઠળ સમીક્ષા કરવા માટે પૂછવાનો અધિકાર છે.

## પીડિતોને સમીક્ષા કરવાનો અધિકાર શું છે?

પીડિતોને સમીક્ષા કરાવવાનો અધિકાર સ્કીમ ગુનાના પીડિતોને પોલીસ અથવા ક્રાઉનવ પ્રોસિક્યુશન સરવિસકેસ ન ચલાવવા અથવા કેસને રોકવાના તેઓના નિર્ણયની સમીક્ષાની વિનંતી કરવાનો અધિકાર આપે છે.

## પોલીસ

પીડિતોને સમીક્ષા કરાવવાનો અધિકાર યોજના પીડિતોને શંકાસ્પદ વ્યક્તિ સામે કાર્યવાહી ન કરવાના પોલીસના નિર્ણયની સમીક્ષા માટે પૂછવાનો અધિકાર આપે છે. આ એવા કિસ્સાઓને લાગુ પડે છે કે જેમાં શંકાસ્પદની ઓળખ કરવામાં આવી હોય અને ધરપકડ બાદ અથવા સ્વૈચ્છિક રીતે સાવધાની હેઠળ ઇન્ટર્વ્યુ લેવામાં આવ્યો હોય.  તમને સમીક્ષાની વિનંતી કરવાનો અધિકાર છે, જો પોલીસ નક્કી કરે છે:

- જ્યાં તેમની પાસે ચાર્જ કરવાની (તોહમત મુકવાની) સત્તા હોય તેવા કેસોમાં કાર્યવાહી ન કરવી; અથવા
- કેસ ચાર્જ કરવા માટેના નિર્ણય માટે ક્રાઉન પ્રોસિક્યુસન સરવિસને મોકલવા માટેની કસોટીને પૂરી કરતો નથી.

## ક્રાઉન પ્રોસિક્યુશન સરવિસ

પીડિતોને સમીક્ષા કરાવવાનો અધિકાર સ્કીમ પીડિતો તહોમત ના મૂકવા (ચાર્જ ના કરવા) અથવા તમામ કાર્યવાહી સમાપ્ત કરવાના ક્રાઉન પ્રોસિક્યુશન સરવિસના નિર્યણની સમીક્ષા કરાવવાનો અધિકાર આપે છે. યોજના હેઠળ તમે નિચેના નિર્ણયો સામે સમીક્ષાની માંગ કરી શકો

- ચાર્જ ન કરવા (તહોમત ન મુકવી);
- દરેક ચાર્જો બંધ કરવા (અથવા મેજિસ્ટ્રેટની કોર્ટમાં પાછા ખેંચી લેવા), જેથી બધી કાર્યવાહી સમાપ્ત થાય;
- તમામ કાર્યવાહીમાં કોઇ પુરાવા ન આપવા; અથવા
- કાર્યવાહીના તમામ આરોપોને 'ફાઇલ પર રહેવા દેવા' કહીને રહેવા દેવા (આ શબ્દ એવા સંજોગોમાં વપરાય છે જ્યાં ક્રાઉન પ્રોસિક્યુસન સરવિસ આગળ ન વધવાનો નિર્ણય લે છે અને વિનંતી કરે છે કે આ કોર્ટ અથવા અપીલ કોર્ટની રજા વિના આગળ ન વધવા માટે ચિન્હિત કરાયેલા આરોપોને  'ફાઇલ પર રહેવા દેવામાં આવે'.)

6.12 જો તમે કોઇ ચોક્કસ કેસમાં [ફુટનોટ 34] પીડિત છો, જ્યાં ક્રાઉન પ્રોસિક્યુસન સરવિસ તમને શંકાસ્પદ વ્યક્તિ પર ચાર્જ (તહોમત) નહીં મુકવાનું કહે છે, તો તમને ત્યાં સુધી મીટિંગ ઓફર કરવાનો અધિકાર છે જ્યાં સુધી ક્રાઉન પ્રોસિક્યુસન સરવિસ નક્કી ન કરે કે મીટિંગ ના થવી જોઇએ.  દુર્લભ પ્રસંગોએ જ્યાં ક્રાઉન પ્રોસિક્યુસન સરવિસ નક્કી કરે છે કે મીટિંગ યોગ્ય નથી, તો નિર્ણય તમને સમજાવવામાં આવશે.

6.13 જો શંકાસ્પદવ્યક્તિ પર ગુના(ઓ)નો આરોપ મૂકવામાં આવ્યો હોય, તો તમને પોલીસ દ્વારા કામકાજના 5 દિવસોની અંદર (ઉન્નત અધિકારો હેઠળ કામકાજના 1 દિવસમાં જણાવવામાં આવે તેવો અધિકાર છે કે:

- તેમને કયા ગુના હેઠળ ચાર્જ કરવામાં (તહોમત મુકવામાં) આવી છે;
- પહેલી કોર્ટની સુનાવણીની તારીખ, સમય અને સ્થળ; અને
- જ્યાં શંકાસ્પદ વ્યક્તિને કોર્ટમાં હાજર થવા માટે કોર્ટની જામીન પર મુક્ત કરવામાં આવે, જામીનની કોઇપણ શરતો, અને આ જામીનની શરતોમાં કોઇપણ ફેરફાર.

6.14 જો તમે ક્વોફાઇંગ કેસમાં [ફુટનોટ 35] શોકગ્રસ્ત નજીકના સંબંધી હોવ, તો તમને શંકાસ્પદ વ્યક્તિ પર ચાર્જ (તહોમત) મૂકવો કે નહીં તે અંગેના નિર્ણય પેહલાં અથવા તેના પછી ક્રાઉન પ્રોસિક્યુશન સરવિસ સાથે મીટિંગ ઓફર કરવામાં આવે તેવો અધિકાર છે.  જો ચાર્જ કરવાનો નિર્ણય લેવામાં આવે, તો ક્રાઉન પ્રોસિક્યુશન સરવિસ સમજાવશે કે કેસ કેવી રીતે આગળ વધવાની સંભાવના છે અને તમારા કોઇપણ પ્રશ્નોના જવાબ આપશે. ક્રાઉન પ્રોસિક્યુશન તમારી જરુરીયાતો વિશે પણ ચર્ચા કરશે અને સંયુક્ત રીતે સંમત થશે કે તમે કેટલી નિયમિતપણે અપડેટ્સ પ્રાપ્ત કરશો.

જો શંકાસ્પદ વ્યક્તિ પર ગુના(ઓ)નો આરોપ લગાવ્યા પછી, ક્રાઉન પ્રોસિક્યુસન સરવિસ એક આરોપને રોકવા અને બીજાને આગળ વધારવાનું નક્કી કર છે, આરોપમાં મોટા ફેરફારો કરે છે અથવા કેસ બંધ કરે છે, તો તમને શા માટે તે કારણ જણાવવામાં આવે તેવો અધિકાર છે અને, જો કેસ રોકવાનો નિર્ણય લે છે, અને તમે તેમના નિર્ણય સાથે અસંમત હોવ, તો ક્રાઉન પ્રોસિક્યુશન સરવિસ પીડિતોની સમીક્ષા માટેના અધિકાર હેઠળ સમીક્ષા માટે કેવી રીતે પૂછવું તે જણાવવામાં આવે તેવો અધિકાર છે.

# 7. પીડીત વ્યક્તિગત નિવેદન આપવા માટે

7.1 તમને તમારા પોતાના શબ્દોમાં સમજાવવા માટે પીડિત વ્યક્તિગત નિવેદન આપવાનો અધિકાર છે કે જે ગુનાએ તમને કેવી રીતે અસર કરી છે, પછી ભલે તે શારીરિક, ભાવનાત્મક, નાણાંકીય અથવા અન્ય કોઇ રીતે હોય. આ સાક્ષીના નિવેદનથી અલગ છે.  પ્રતિવાદીને કઇ સજા મળવી જોઇએ તે નક્કી કરતી વખતે પીડિતનું વ્યક્તિગત નિવેદન ન્યાયાધિશ અથવા મેજીસ્ટ્રેટ મારફત ધ્યાન્માં લેવામાં આવે છે અને સેવા પ્રદાતાઓને તમને અને/અથવા તમારા પરિવારને વધારાની સહાયની જરૂર પડી શકે છે તે ધ્યાનમાં લેવામાં પણ મદદ પણ કરી શકે છે.

7.2 જો તમે શોકગ્રસ્ત નજીકના સંબંધી છો, તો તમને પીડિત વ્યક્તિગત નિવેદન આપવાનો અધિકાર છે અને જ્યારે એવું કરો છો ત્યારે તમારી સાથે કોઇને રાખવાનો અધિકાર છે, તમે સાક્ષી નિવેદન આપ્યું છે કે કેમ તે ધ્યાનમાં લીધા વગર.

7.3 તમે આમ કરવા માંગો છો કે કેમ તે નક્કી કરવામાં તમારી મદદ કરવા માટે, તમને ગુનાની જાણ કરતી વખતે પોલીસ દ્વારા પીડિત વ્યક્તિગત નિવેદન પ્રક્રિયા વિશે માહિતી પૂરી પાડવામાં આવે તેવો અધિકાર છે.  જો તમે વ્યક્તિગત નિવેદન આપવાનું નક્કી કરો છો, તો તમને તમારી પસંદગી વિશે પૂછવામાં આવશે કે તમે કોર્ટમાં તમારું નિવેદન મોટેથી વાંચવા માંગો છો કે તમારા વતી વાંચવામાં આવે તેમ ઇચ્છો છો.  તમે પોલીસ પાસેથી નકલની વિનંતી પણ કરી શકો છો અને અપરાધની બદલાતી અસરને પ્રતિબિંબિત કરવા માટે વધારાના વ્યક્તિગત નિવેદન કરવાની તક આપવામાં આવશે.

7.4 જો પ્રતિવાદી દોષ કબુલ કરે છે, અથવા તેઓ સામે દોષ સાબિત થયો છે, અને તમે જણાવ્યુ છે કે તમારું નિવેદન કોર્ટમાં મોટેથી વાંચવામાં આવે (અથવા સંભળાવવામાં આવે), તો ન્યાયાધીશ અથવા મેજિસ્ટ્રેટ નક્કી કરશે કે શું તમારા વ્યક્તિગત નિવેદનને વાંચવુ જોઇએ અને કયા વિભાગોને મોટેથી વંચવા (અથવા સંભળાવવા) જોઇએ, અને કોણે વાંચવુ જોઇએ, ન્યાયાધીશ અથવા મેજીસ્ટ્રેટ તેમનો નિર્ણય લેતી વખતે હંમેશા તમારી પસંદગીને ધ્યાનમાં લેશે, સિવાય કે તેમ ન કરવાનું યોગ્ય કારણ હોય. સાક્ષી સંભાળ એકમ તમને ન્યાયાધીશો અથવા મેજીસ્ટ્રીટના નિર્ણયની જાણ કરશે.

7.5 તમારે તમારું પીડિત વ્યક્તિગત નિવેદન જાતે વાંચવાની જરૂર નથી અથવા તમારા વતી વાંચવામાં આવે તેવી જરુર નથી. જો શરૂઆતમાં તમે તમારું વ્યક્તિગત નિવેદન મોટેથી વાંચવાનું પસંદ કરો છો પરંતુ પછીથી નક્કી કરો કે તમને આ જોઇતું નતી, તો તમે તમારો વિચાર બદલી શકો છો. તમારા વ્યક્તિગત નિવેદનને ન્યાયાધિશ અથવા મેજીસ્ટ્રેટ દ્વારા તેજ રીતે ધ્યાનમાં લેવામાં આવશે, પછી ભલે તે કોર્ટમાં વાંચવામાાં (અથવા સંભળાવવામાં) આવે કે નહીં.

પીડિત વ્યક્તિ વ્યક્તિગત સ્ટેટમેન્ટ બનાવવા માટે સક્ષમ હોવાના વ્યવસાય માટેના સંપર્કની નામાંકિત વ્યક્તિ ઉપરાંત, તમામ કદના વ્યવસાયો વ્યવસાયને અસર કરતુ નિવેદન કરી શકે છે. આ પીડિતના વ્યક્તિગત નિવેદન જેવું જ છે અને તેનો ઉપયોગ કોર્ટમાં પણ તે જ રીતે કરવામાં આવશે, પરંતુ વ્યવસાયને તે સમજાવવા માટે પરવાનગી આપે છે કે ગુનાએ વ્યવસાયને કેવી રીતે અસર કરી છે, જેમ કે સીધું નાણાંકીય નુકસાન, કામકાજમાં વિક્ષેપ, અથવા પ્રતિષ્ઠાને નકસાન.

7.7 નામિત વ્યક્તિને પોલીસ દ્વારા ગુનાની જાણ કરતી વખતે વ્યવસાય પ્રક્રિયા માટે અસર નિવેદન વિશે માહિતી પૂરી પાડવામાં આવે તેવો અધિકાર છે, જેથી વ્યવસાયને નિર્ણય કરવામાં મદદ થાય કે તેઓ નિવેદન આપવા માંગે છે કે નહીં.

7.8 પીડિત વ્યક્તિના વ્યક્તિગત નિવેદન અને વ્યવસાય અસર નિવેદનની પ્રક્રિયા વિશે વધુ માહિતી પોલીસ પાસેથી અને અહીં ઉપલબ્ધ છે:
www.gov.uk/government/publications/victimpersonal-statement

## હું પીડિત વ્યક્તિગત નિવેદન ક્યારે કરી શકું?

તમે ગુનેગારને સજા સંભળાવવામાં આવે તે પહેલાં કોઇપણ સમયે પીડિતનું વ્યક્તિગત નિવેદન આપી શક છો, જો કે એકવાર કોર્ટની સુનાવણી શરૂ થઇ જાય, ખાસ કરીને જો પ્રતિવાદી દોષિત હોવાનું જાહેર કરે તો તમને તે કરવાની તક નહીં મળે. ઘણા પીડિતો માટે, પીડિતને વ્યક્તિગત નિવેદન આપવાનો શ્રેષ્ઠ સમય ત્યારે છે જ્યારે તેમને કહેવામાં આવે કે શંકાસ્પદ વ્યક્તિ પર આરોપ મૂકવામાં આવ્યો છે અને ગુનાની સંપુર્ણ અસર સ્પષ્ટ થયેલ હોય. પોલીસ હજુ પણ તમારી જરુરીયાતોનું મૂલ્યાંકન કરતી વખતે અથવા તમારું સાક્ષી નિવેદન લેતી વખતે પ્રારંભિક અસરની વિગતો માંગી શકે છે.

## હું મારો વિચાર બદલી શકું છું અથવા પીડિત વ્યક્તિગત નિવેદનને અપડેટ કરી શકું છું?

એકવાર તમે પીડિત વ્યક્તિગત નિવેદન કરી લો, તો તે કોર્ટના કાગળોનો ભાગ બની જાય છે અને તમે તેને પાછું ખેંચી શકતા નથી અથવા બદલી શકતા નથી. જો કે, જો તમને કંઇક અગત્યનું યાદ આવે, અથવા લાગે કે તમારા પર ગુનાની અસર બદલાઇ છે, તો તમે બીજું નિદેવન આપી શકો છો.

**શું પ્રતિવાદી મારું પીડિત વ્યક્તિગત નિવેદન જોઇ શકશે?**
જો કેસ કોર્ટમાં પહોંચે, તો સામાન્યરીતે પ્રતિવાદીને તમારું પીડિત વ્યક્તિગત નિવેદન વાંચવા દેવામાં આવશે. અન્ય પુરાવાની જેમ, જો કોર્ટ સંમત થાય કે તે કેસ સાથે સુસંગત છે, તો બચાવ પક્ષ તમને તમારા વ્યક્તિગત નિવેદનની સામગ્રી વિશે પ્રશ્નો પૂછી શકશે. જો તમારું નિવેદન કોર્ટમાં મોટેથી વાંચવામાં આવે, તો મીડિયા દ્વારા શું કહેવામાં આવે છે તેની જાણ કરી શકાય છે.

**વધુ પ્રશ્નો અથવા તમારા પીડિત વ્યક્તિગત નિવેદનને લખવામાં/રેકોર્ડ કરવામાં મદદ**
જો તમને પીડિત વ્યક્તિનું વ્યક્તિગત નિવેદન આપવા વિશે પ્રશ્નો હોય, તેનો ઉપયોગ કેવી રીતે કરવાાં આવશે અથવા શું શામેલ કરવું, તો તમે પોલીસ, સાક્ષી સંભાળ એકમ અથવા ગુનાનો ભોગ બનેલાઓની સહાયક સેવા સાથે વાતચીત કરી શકો છો. તેઓ તમને તે લખવામાં/રેકોર્ડ કરવામાં મદદ કરી શકશે.

### પેરોલ હિયરિંગ (પેરોલ સુનાવણી) અથવા ટારિફ રીવ્યુ હિયરીંગ (ટારિફ સમીક્ષા સુનાવણી)માં [ફુટનોટ 36] પીડિત વ્યક્તિગત નિવેદનો

7.9 તમે માંગણી કરી શકો છો કે તમારા મૂળ પીડિત વ્યક્તિગત નિવેદનનો ઉપયોગ ટારિફ રીવ્યુ હિયરીંગમાં અને પેરોલ બોર્ડની હિયરીંગમાં કરવામાં આવે. છતાંપણ, તમે સુનાવણી માટે એક નવું પીડિત વ્યક્તિગત નિવેદન લખવા માટે અધિકાર ધરાવો છો. જ્યાં તમે એ સમજાવવા માટે સક્ષમ છો કે અપરાધ તમને અને/અથવા તમારા પરિવાને કેવી રીતે સતત અસર કરે છે, અને આ સુનાવણીઓમાંથી કોઇ એકના પરિણામની તમારા પર કેવી અસર પડી શકે છે. પેરોલ બોર્ડ સમક્ષ પીડિત વ્યક્તિગત નિવેદનને અલગ-અલગ નિયમો લાગુ પડે છે. (અધિકાર 11 જૂઓ).

# અધિકાર 8. મુકદમા, મુકદમાની પ્રક્રિયા અને સાક્ષી તરીકેની તમારી ભૂમિકા વિશે માહિતી આપવામાં આવે

જો કેસ કોર્ટમાં જાય છે, તો તમને સાક્ષી સંભાળ એકમ દ્વારા કામકાજના 5 દિવસોમાં (ઉન્નત અધિકારો હેઠળ કામકાજના 1 દિવસોમાં) કોર્ટમાંથી માહિતી મેળવવાનો અધિકાર છે, જે સંબંધિત સુનાવણીના કામ કરવાના 5 દિવસોનાં હશે:

- કોઇપણ સુનાવણીનો સમય, તારીખ અને સ્થાન (તમામ પીડિતો માટે 1 કાર્યકારી દિવસની અંદર);
- કોઇપણ જામીન સુનાવણીનું પરિણામ (અને સંબંધિત જામીન શરતો, આ જામીન શરતોમાં કોઇપણ સંબંધિત ફેરફારો અને તે ફેરફારો માટેના કારણો);
- જો શંકાસ્પદ વ્યક્તિ માટે ધરપકડ વોરંટ જારી કરવામાં આવ્યું હોય અને જો શંકાસ્પદ વ્યક્તિની ફરીથી ધરપકડ કરવામાં આવે તો સુનાવણિનું પરિણામ; અને

- જો શંકાસ્પદ વ્યક્તિની ફરીથી ધરપકડ કરવામાં આવે તો કોઇપણ સુનાવણીનું પરિણામ

8.2 જો શંકાસ્પદ વ્યક્તિ દોષિત ન હોવાની ઘોષણા કરે અને તમારે કોર્ટમાં હાજરી આપવાની જરૂર હોય, તો તમને આ અધિકાર છે:

- તેમને ક્રાઉન પ્રોસિક્યુશન સરવિસ મારફત માહિતી મળે પછી, જો તમારે પુરાવા આપવાની જરુર પડશે, તો કામ કરવાના 1 દિવસની અંદર (દરેક પીડિતો માટે) સાક્ષી સંભાળ એકમ મારફત તમને જાણ કરવામાં આવશે.
- તમારી જરુરીયાતોનું મૂલ્યાંન કરવામાં આવે અને સાક્ષી સહાયક સેવાને રેફરલ કરવાની ઓફર  કરવામાં આવે જે સુનાવણીની તારીખ પહેલાં કોર્ટની મુલાકાતની ગોઠવણ કરી શકે જેથી તમે બિલ્ડિંગ સાથે પરિચિત થઇ શકો, અથવા અન્ય સાહયક સેવાની ઓફર કરવામાં આવે (અધિકાર 4 જૂઓ); અને
- કોઇપણ વિશિષ્ટ પગલાં અરજીના પરિણામ વિશે જણાવવું (અઅધિકાર 4 જૂઓ).

જો તમારે પુરાવા આપવાની જરૂર હોય, તો તમે તમારું સાક્ષી નિવેદન વાંચીને (અથવા જો રેકોર્ડ કરવામાં આવ્યુ હોય તો તે જોઇને) તમારી યાદશક્તિને તાજી કરી શકશો.  જો શક્ય હોય તો, જો કોર્ટ પગવાનગી આપશે તો, શું થશે તે સમજાવવા અને તમારા કોઇપણ પ્રશ્નોના જવાબ આપવા મટે તમે કોર્ટમાં જાઓ તે પહેલાં પ્રોસિક્યુટર તમને મળશે.

જો તમે નજીકના શોકગ્રસ્ત સંબંધી છો, તો તમારે તમારા કુટુંબના સંપર્ક અધિકારી અથવા સાક્ષી સંભાળ એકમ પાસેથી, સુનાવણીની તારીખ પહેલાં, મકાન સાથે પોતાને પરિચિત કરવા માટે કોર્ટની મુલાકાત લેવા માટે વિનંતી કરવાનો અધિકાર છે, તમારે પુરાવા આપવાની જરૂર છે કે કેમ તે ધ્યાનમાં લીધા વગર.  તમને ક્રાઉન પ્રોસિક્યુસન સરવિસ પ્રોસિક્યુટર અથવા એડવોકેટ કે જેઓ કોર્ટમાં કેસ રજૂ કરશે તેની સાથે મીટિંગની ઓફર કરવામાં આવે તેનો પણ અધિકાર છે.  આ મીટિંગ સામાન્ય રીતે મુકદમાના થોડા સમય પહેલા થશે અને તે તમારા માટે પરિચય કરાવવાની અને તમારી પાસે હોય તેવા કોઇ પણ પ્રશ્નો પૂછવાની તક છે.

8.5 કોર્ટમાં હાજરી આપતી વખતે, અને જ્યાં શક્ય હોય ત્યાં, તમે પ્રતિવાદી માટે અલગ પ્રવેશદ્વાર મારફત પ્રવેશ કરી શકશો અને તમારા કેસની સુનાવણી પહેલાં અને પછી એક અલગ પ્રતીક્ષા વિસ્તારમાં રાહ જોઇ શકશો.  કેટલાક કોર્ટના મકાનોમાં હાલમાં પીડિતો માટે અલગ પ્રવેશદ્વાર નતી, જો કે, જ્યાં જાણ કરવામાં આવે, હર મેજેસ્ટીઝ કોર્ટ અને ટ્રાયબ્યુનલ સરવિસના કર્મચારીઓ એ સુનિશ્ચિત કરવાની વ્યવસ્તા કરશે કે તમારે પ્રતિવાદીને આગમન પર જોવા ન પડે.

8.6 મુકદમા દરમિયાન તમારે પુરાવા આપવા માટે રાહ જોવી પડી શકે છે, મુકદમાની પ્રગતિ વિશે તમને માહિતગાર રાખવા માટે હર મેજેસ્ટીઝ કોર્ટ અને ટ્રાયબ્યુનલ સરવિસના કોર્ટના કર્મચારીઓ તમને કોર્ટના સંપર્ક માટેના સ્થળ/વ્યક્તિની વિગતો આપશે (જે સાક્ષી સહાયક સેવાના સભ્ય હોઇ શકે છે) અને તેઓ અથવા ક્રાઉન પ્રોસિક્યુશન સરવિસ પ્રોસીક્યુટર અથવા  એડવોકેટ તમને જણાવશે કે તમારે કેટલો સમય રાહ જોવી પડશે.

8.7 કેટલીક વાર તમારે બીજા દિવસે કોર્ટમાં પાછા આવવાની જરુર પડી શકે છે, જો આવું થાય, તો હર મેજેસ્ટીસ કોર્ટ એન્ડ ટ્રાયબ્યુનલ સરવિસના કોર્ટના કર્મચારી અથવા ક્રાઉન પ્રોસિક્યુશન સરવિસના પ્રોસિક્યુટર અથવા એડવોકેટ તમને તેનું કારણ જણાવશે.

**કોર્ટમાં્ હાજરી આપો ત્યારે સહાય**

કોર્ટમાં હાજરી આપવી તે કોઇપણ પીડિતો માટે ચિંતાજનક અનુભવ હોઇ શકે છે છતાંપણ, મુકદમા પહેલાં તમારો સાક્ષી સંભાળ એકમ મારફત સંપર્ક સાધવામાં આવશે. ફકરા 8.1, 8.2 અને 8.4માં જણાવવામાં અધિકારો પૂરા પાડવા ઉપરાંત, તેઓ તમને મદદ કરવા માટે વ્યવહારુ માર્ગદર્શન અને સલાહ પણ પૂરી પાડી શકશે. આમાં સમાવેશ થાય છે:

- કોર્ટમાં શું અપેક્ષા રાખવી તે જણાવવુ અને કોર્ટ પ્રક્રિયા વિશે તમારે પૂછવા હોય તેવા કોઇપણ સવાલોના જવાબ આપવા;
- જો પીડિત 18 વર્ષથી નીચેની ઉંમરના હોય, તો યુવાન સાક્ષીઓ માટે માહિતી આપવામાં આવે;
- કોર્ટ સુધી પહોંચવા માટે નિર્દશન, અને મુસાફરી અથવા રહેઠાણ માટેનું આયોજન અને/અથવા વ્યવસ્થા;
- તમને કોર્ટમાં હાજરી આપવા માટે બાળ સંભાળ અથવા વધારાની સહાયની વ્યવસ્થા કરવામાં મદદની ઓફર કરવામાં આવે;
- સાક્ષી ખર્ચ અને ભથ્થાનો દાવો કરવા વિશે માહિતી આપવામાં આવે;
- ક્રાઉન પ્રોસિક્યુશન સરવિસને રેફર કરવામાં આવે, જે સજા વિશે તમારા કોઇપણ પ્રશ્નોના જવાબ આપશે જેનો જવાબ સાક્ષી સંભાળ એકમ આપવા સક્ષમ નથી; અને
- તમે કોર્ટમાં હાજરી આપો તે પહેલાં, દરમિયાન અથવા પછી પીડિતોને સહાય કરતી સેવાઓ માટે રેફરલ ઓફર કરવામાં આવે.

# અધિકાર 9. કેસના પરિણામ અનો કોઇપણ અપીલ વિશે માહિતી આપવામાં આવે.

9.1 કેસના અંતે તમને પરિણામ જણાવવામાં આવે તેનો અધિકાર છે, જેમાં ઉપલબ્ધ હોય ત્યાં સાક્ષી સંભાળ એકમ દ્વારા નિર્ણય લેવાના કારણોનો સંક્ષિપ્ત સારાંશ [ફુટનોટ 37], તેમને કોર્ટમાંથી માહિતી મળે તેના 1 દિવસરોની અંદર, કે જે કેસના પરિણામના કામકાજના 5 દિવસોમાં હશે.

9.2 જો પ્રતિવાદી દોષિત ઠરેલ હોય (દોષિત ઠેરવવામાં આવે), તો સાક્ષી સંભાળ એકમ દ્વારા, તેમને માહિતી પ્રાપ્ત થયાના 1 દિવસની અંદર, સજાના અર્થ અને અસર વિશે ટૂંકી સમજૂતી સહિત, તેમને મળેલ સજા વિશે કહેવામાં આવે તેવો અધિકાર છે, જે કેસના પરિણામના કામકાજના 5 દિવસોમાં હશે. જો તમને સજા વિસે કોઇ પ્રશ્નો હોય કે જેનો જવાબ આપવા માટે સાક્ષી સંભાળ એકમ અસમર્થ હોય, તો તમને ક્રાઉન પ્રોસિક્યુશનને રેફર કરવામાં આવે તેવો અધિકાર છે, જે કોઇપણ એવા પ્રશ્નોના જવાબ આપશે જેનો સાક્ષી સંભાળ એકમ જવાબ આપવા માટે સક્ષમ ના હોય.

9.3 જો તમે શોકગ્રસ્ત નજીકના સંબંધી છો, તો તમને નીચેના સંજોગો ક્રાઉન પ્રોસિક્યુશન સરવિસ સાથે મીટિંગ ઓફર કરવામાં આવે તેવો અધિકાર છે.

- દોષિત ઠેરવવામાં આવે, પરંતુ પ્રતિવાદીની સજાની સુનાવણી પહેલાં, પીડિતનું વ્યક્તિગત નિવેદન આપવામાં આવ્યુ છે તેની પુષ્ટિ કરવા અથવા તે અપ ટુ ડેટ છે તેની પુષ્ટિ કરવા માટે (આ મીટિંગ સામાન્ય રીતે કોર્ટમાં થશે);
- આપેલ સજાને સમજાવવા માટે સજા સુનાવણી પછી (આ મીટિંગ સામાન્ય રીતે કોર્ટમાં થશે);
- એવા કિસ્સામાં જ્યાં પ્રતિવાદી દોષિત ન જાહેર થાય અથવા ઓછા ગંભીર આરોપ માટે દોષિત જાહેર થયેલ હોય તો કેસ પૂરો થયાના થોડા અઠવાડિયા પછી મીટિંગની ઓફર કરવામાં આવે, સિવાય કે ક્રાઉન પ્રોસિક્યુશન સરવિસ નક્કી કરે કે આ અયોગ્ય છે. દુર્લભ પ્રસંગોએ જ્યાં તેઓ નક્કી કરે કે મીટિંગ યોગ્ય નથી, આ નિર્ણય તમને સમજાવવામાં આવશે. મીટિંગનો વાસ્તવિક સમય પરિવારની ઇચ્છાો મારફત જમાવવામાં આવશે અને તે ક્યારે થવી જોઇએ તેની ચર્ચા કરવા માટે તમારો સંપર્ક કરવામાં આવશે.
- હત્યાના કેસમાં જ્યાં તમામ પ્રતિવાદીઓ તમામ ારોપો માટે દોષિત નથી, પોલીસ અને ક્રાઉન પ્રોસિક્યુસન સરવિસ શોકગ્રસ્ત પરિવારોને સમર્તનના રાષ્ટ્રીય ધોરણોમાં નિર્ધારિત પ્રક્રિયાને અનુસરશે. સહાયના રાષ્ટ્રીય ધોરણો ક્રાઉન પ્રોસિક્યુશનની વેબસાઇટ www.cps.gov.uk પર ઉપલબ્ધ છે અને પોલીસ દ્વારા શોકગ્રસ્ત પરિવારોને પોલીસ બરીવમેન્ટ પેકના ભાગરૂપે એક નકલ આપવામાં આવશે.

## જો તમને લાગે કે ગુનેગારને આપવામાં આવેલી સજા ઘણી ઓછી છે

ક્રાઉન કોર્ટમાં સજા પામેલા કેટલાક (પરંતુ તમામ નહીં) કેસો માટે એટર્ની જનરલ [ફુટનો 38]ને [ફુટનોટ 39] સજાને અપીલ કોર્ટમાં ફેરવવા માટે તેનો સંદર્ભ આપવા કહી શકો છો. જો એટર્ની જનરલ વિચારે કે સજા માત્ર હળવી જ ન હતી, પરંતુ 'અયોગ્ય રીતે ઉદાર' હતી, [ફુટનોટ 40] એટલી કે સજા કરનાર ન્યાયાદીસે ગંભીર ભૂલ કરી છે અથવા વાજબી રીતે ઉપલબ્ધ સજાની શ્રીણીની બહાર સજા કરી છે.

9.5 જો એટર્ની જનરલ માને છે કે સજા 'અયોગ્ય રીતે ઉદાર' હોવાના ધોરણોને પૂરા કરે છે, તો કેસ અપીલ કોર્ટમાં મોકલવામાં આવે છે. એટર્ની જનરલે સજા પછી શક્ય હોય તેટલી વહેલી તકે આ બાબતને ધ્યાનમાં લેવી જોઇએ અને સજા લાદવામાં આવ્યા પછીના 28મા કેલેન્ડર દિવસ પછી નહીં (વ્યવસાયના કલાકોમાં અને વિચારણા માટે પૂરતા સમય સાથે). જો અપીલ કોર્ટ સંમત થાય, તો સજા વધારી શકે છે.

જ્યારે તમને કેસમાં સજા સંભળાવવામાં આવશે ત્યારે સાક્ષી સંભાળ એકમ તમને સ્કીમ વિશે જણાવશે.

## ગુનેગાર અપીલ કરે છે

9.7 કેટલીક વખત ગુનેગાર કોર્ટને કેસ અથવા સજા ઉપર ફરીથી નજર કરવા માટે માંગ કરી શકે છે. આને અપીલ કહેવામાં આવે છે.  આગળ શું થશે તેનો આધાર આરોપીને અપીલ કરવા દેવામાં આવે છે કે નહીં અથવા જો કરવા દેવામાં આવે, તો અપીલના પરિણામ ઉપર રહેશે.

## જો મેજીસ્ટ્રેટ કોર્ટમાં દોષ સાબિતી અથવા સજા થયેલ હોય અને તેની સામે ક્રાઉન કોર્ટમાં અપીલ કરવામાં આવે

9.8 જો ગુનેગાર ક્રાઉન કોર્ટમાં અપીલ કરે છે, તો સાક્ષી સંભાળ એકમને કોર્ટમાંથી માહિતી મળે તેના 1 દિવસની અંદર તમને જાણ કરવામાં આવે તેવો અધિકાર છે, જે સુનાવણીના પરિણામના કામકાજના 5 દિવસોની અંદર હશે :

- કે અપીલ માટે નોટીસ મોકલવામાં આવેલ છે;
- કોઇપણ સુનાવણીની તારીખ, સમય અને સ્થળ; અને
- અપીલનું પરીણામ, મૂળ સજામાં ફેરફાર સહિત.

9.9 જો તમે અપીલમાં હાજરી આપવા માંગતા હો, તો કોર્ટ સ્ટાફને તમારા માટે કોર્ટ સ્ટાફ આ વ્યવસ્થા કરે તેવો તમને અધિકાર છે.

- જ્યાં પણ શક્ય હોય ત્યાં કોર્ટમાં ગુનેગારન અને તેમના કુટુંબ અને મિત્રોથી દૂર અલગ વિસ્તારમાં રાહ જોવાનો અને બેસવાનો;
- ક્રાઉન કોર્ટમાં સંપર્ક સ્થાન/ વ્યક્તિ પૂરી પાડવી; અને
- જ્યાં યોગ્ય અને ઉપલબ્ધ હોય ત્યાં પીડિતોને મદદ કરતી સેવાઓ વિશે માહિતી મેળવવાનો.

## જો ઓપીલ કોર્ટમાં દોષિત ઠરાવવામાં આવેલ હોય તે સામે અથવા સજા સામે અપીલ કરવા માટે અરજી કરવામાં આવે, અથવા કયદાના મુદ્દા પર ફોજદારી કેસમાં યુ.કેની સુપ્રિમ કોર્ટમાં અરજી અથવા અપીલ કરવામાં આવે તો

ગુનેગાર કોર્ટ ઓફ અપીલ અથવા યુ.કે.ની સર્વોચ્ચ અદાલત (સુપ્રિમ કોર્ટ)માં અપીલ કરે, તો તમને સાક્ષી સંભાળ એકમ દ્વારા તેમને માહિતી મળે તેના કામકાજના 5 દિવસોમાં (ઉન્નત અધિકારો હેઠળ  કામકાજના 1 દિવસમાં) માહિતી પ્રાપ્ત કરવાનો અધિકાર છે, જે સંબંધિત સુનાવણીના કામ કરવાના 5 દિવસોમાં હશે.

- જો ગુનેગાર દોષ સાબિતી, સજા અથવા કાયદાના મુદ્દા સામે અપીલ કરવાની પરવાનગી આપવામાં આવી હોય;

- કોઇપણ સુનાવણીની તારીખ, સમય અને સ્થાન અને આ માહિતીમાં કોઇપણ ફેરફારો (તમામ પીડિતો માટે કામકાજના 1 દિવસની અંદર)
- જો ગુનેગારને અપીલ પહેલાં જામીન પર મુક્ત કરવામાં આવવાના હોય અથવા જામીનની શરતો બદલવામાં આવે (દરેક પીડિતો માટે કામકાજના 1 દિવસની અંદર)
- સંપર્ક માટે ફોજદારી અપીલ ઓફિસ અથવા યુ.કે.માં સુપ્રીમ કોર્ટ સ્ટાફનું નામ;
- અપીલનું પરિણામ, મૂળ સજામાં કોઇપણ ફેરફારો સહિત, અને
- એકવાર તે પ્રકાશિત થઇ જાય પછી કેસમાં કોર્ટના ચુકાદાની ફોજદારી અપીલ ઓફિસ અથવા યુ.કે સુપ્રીમ કોર્ટના સ્ટાફ પાસેથી નકલની વિનંતી કેવી રીતે કરવી.

9.11 જો તમે અપીલમાં હાજરી આપવા માંગતા હો, તો તમારી પાસે કોર્ટ સ્ટાફ અથવા યુ.કે સુપ્રીમ કોર્ટના સટાફ આની વ્યવસ્થા કરે તેનો અધિકાર છે.

- જ્યાં શક્ય હોય ત્યાં, કોર્ટમાં ગુનેગાર અને તેમના પરિવાર અને મિત્રોથી અલગ વિસ્તારમાં રાહ જોવાનો અને બેસવાનો; અને
- જો ગુનેગાર હાજર હોય અને તમે કોર્ટરૂમમાં બેસવા ન માંગતા હોવ તો તમારા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવશે (ગુનેગાર માટે સર્વોચ્ચ અદાલતમાં સુનાવણીમાં હાજરી આપવી એ દુર્લભ છે).

9.12 ગુનેગારને અપીલ કરવાની પરવાનગી આપવાના નિર્ણયને પગલે, જો તમે શોકગ્રસ્ત નજીકના સંબંધી હોવ, તો તમને અપીલની પ્રકૃતિ અને કોર્ટ પ્રક્રિયાઓ સમજાવવા માટે ક્રાઉન પ્રોસિક્યુસન સરવિસ સાથે મીટિંગ ઓફર કરવાનો અધિકાર છે.

9.13 સજા સામે અપીલ નક્કી કરતી વખતે, કોર્ટ હંમેશા પીડિતના વ્યક્તિગત નિવેદનને ધ્યાનમાં લેશે કે જે સજા કરનાર અદાલત દ્વાર ધ્યાનમાં લેવામાં આવ્યુ હતું.

9.14 અપીલ કોર્ટમાં સામાન્ય રીતે વધુ વ્યક્તિગત નિવેદન આપવુ જરૂરી નથી. છતાંપણ, જો એવી માહિતી હોય કે કોર્ટને ગુનાની તમારા પરથી સતત અસર વિશે જાણ હોવી જોઇએ, તો પોલીસ અથવા ક્રાઉન પ્રોસિક્યુશન સરવિસ દ્વારા કોર્ટને નવું અથવા વધુ પીડિત વ્યક્તિગત નિવેદન મોકલવામાં આવી શકે છે.

## ફોજદારી કેસ સમીક્ષા કમિશન

9.15 ફોજદારી કેસ સમીક્ષા કમિશન ઇંગ્લેન્ડ, વેલ્સ અને ઉત્તરી આયર્લેન્ડમાં ફોજદારી ન્યાયના કથિત અન્યાયની તપાસ કરે છે. અપરાધી તેમની દોષ સિદ્િ અને/અથવા સજાની સમીક્ષા કરવા મ્ટે કમિશનને અરજી કરી શકે છે જો ત્યાં કેટલીક નવી માહિતી અથવા નવી દલીલ હોય જેનો અર્થ એવો થઇ શકે કે દોષિત ઠરાવવું અસુરક્ષિત છે અથવા સજા ખૂબ લાંબી છે.

9.16 કમિશન, કેસની સમીક્ષા કરતી વખતે, તમારા પરની સંભવિત અસરનું મૂલ્યાંકન કરશે અને નક્કી કરશે કે તમને જાણ કરવી જોઇએ કે નહીં.

9.17 કમિશન સામાન્ય રીતે તેમને અરજી મળી છે માત્ર એટલા માટે તમારો સંપર્ક કરવાનો પ્રયાસ કરશે નહીં. આ એટલા માટે છે કારણકે મોટાભાગના રીવ્યુ કોર્ટ ઓફ અપીલં રેફરલમાં જશે નહીં, અને તેથી તમને ચેતવણી આપવાની કોઇ જરુર નથી કે ગુનેગારે અરજી કરી છે. છતાંપણ, કમિશન તમને જણાવશે કે જો તેઓને લાગે કે એવી વાજબી તક છે કે તમે જાણી શકો કે તેઓ મિડિયા દ્વારા અથવા અન્ય સ્ત્રોત દ્વારા કેસ જોઇ રહ્યા છે. કમિશન સામાન્ય રીતે પોલીસ સાથે તમને અરજીની સૂચના આપવા માટે કામ કરશે અને જ્યારે તેઓ કેસનો સંદર્ભ આપે છે કે કેમ તે અંગે નિર્ણય લેવામાં આવશે ત્યારે તમારો ફરીથી સંપર્ક કરશે.

9.18 જો કમિશન નક્કી કરે છે કે સમીક્ષા દરમિયાન તમારો સંપર્ક કરવો યોગ્ય નથી, પરંતુ તે પછીથી દોષિત ઠરાવ્યા અથવા સજાને કોર્ટમાં મોકલવાનું નક્કી કરે છે, તો કેસ કોઇપણ અપીલ માટે રેફર થાય તે પહેલાં કમિશન તમારો સંપર્ક કરવાનો શ્રેષ્ઠ પ્રયાસ કરશે.

# અધિકાર 10. ખર્ચ ચૂકવવો અને મિલકત પરત કરવી

10.1 જો તમે પુરાવા આપવા માટે કોર્ટમાં હાજરી આપો છો [ફુટનોટ 41] તો તમને ક્રાઉન પ્રોસિક્યુસન સરવિસમાંથી અમુક ખર્ચનો દાવો કરવાનો અધિકાર છે, [ફુટનોટ 42] ઉદાહરણ તરીકે, મુસાફરી, બાળકોની સંભાળ, કમાણીનું નુકશાન, નાસ્તો અને ભોજન (વધુ વિગતો ક્રાઉન પ્રોસિક્યુશનની વેબસાઇપય પર ઉપલભ્ય છે: www.cps.gov.uk). જો તમને ખર્ચનો દાવો કરવા વિશે કોઇ પ્રશ્નો હોય તો સાક્ષી સંભાળ એકમ મદદ કરી શકશે.

ક્રાઉન પ્રોસિક્યુસન સરવિસ યોગ્ય રીતે ભરેલું ક્લેમ ફોર્મ મળ્યાના કામકાજના 10 દિવસોની અંદર તમારા બાકી રહેલા કોઇપણ ખર્ચની ચૂકવણી કરશે.

10.3 જો પોલીસે તમારી કોઇ મિલકત પુરાવા તરીકે લઇ લીધી હોય, તો તમને તે જલદી પરત મેળવવાનો અધિકાર છે, કારણકે તેની હવે જરુર નથી. જો તમને તમારી મિલકત પરત કરવા અંગે કોઇ પ્રશ્નો હોય તો પોલીસ મદદ કરી શકશે.

# અધિકાર 11. દોષિત ઠર્યા બાદ અપરાધી વિશે માહિતી આપવી

## વિક્ટિમ કોન્ટેક્ટ સ્કિમ (પીડિત સંપર્ક યોજના)

11.1 જો તમે પીડિત અથવા શોકગ્રસ્ત કુટુંબના સંબંધી છો અને ગુનેગારને નિર્દિષ્ટ હિંસક અથવા જાતીય અપરાધ માટે દોષિત ઠેરવવામાં આવ્યો હોય, અને તેને 12 મહિના કે તેથી વધુ જેલની

સજાકરવામાં આવી હોય (અથવા માનસિક સ્વાસ્ત્ય અદિનિયમ 1983 હેઠળ પ્રતિબંદ ઓર્ડર સહિત અથવા) વગર સારવાર માટે હોસ્પિટલમાં અટકાયતમાં રાખવામાં આવેલ હોય), તમને રાષ્ટ્રીય પ્રોબેશન સરવિસ પીડિય સંપર્ક યોજનામાં સજાના કામકાજના 10 દિવસોમાં આપમેળે રેફર થવાનો અને પીડિત સંપર્ક અધિકારી આપવામાં આવે તેનો અધિકાર છે. પીડિત સંપર્ક અધિકારી રેફરલના કામકાજના 20 દિવસોમાં તમારો સંપર્ક કરશે.

11.2 જ્યાં તમે પીડિત સંપર્ક યોજનામાં જોડાવાનું પસંદ કરો છો, તમે અપરાધીઓની સજાના મુક્ય તબક્કામાં માહિતી મેળવવા માટે હકદાર છો (જુઓ 11.3) ો જ્યારે ગુનેગાર તેમની સજા/હોસ્પિટલ ઓર્ડર ભોગવી રહ્યા હોય ત્યારે તમે કોઇપણ સમયે પીડિત સંપર્ક યોજનાને નાપસંદ કરી શકો છો અને પાછા પસંદ કરી શકો છો.

11.3 પીડિત સંપર્ક અધિકારી તમને કહેશે:

- જેલમાં કે હોસ્પિટલમાં ગુનેગારોની અટકાયતના સંદર્ભમાં કોર્ટની સજાનો અર્થ શું છે અને જો તેમની સજામાં કોઇ ફેરફાર થયો છે;
- જ્યારે જેલમાં ગુનેગાર ખુલ્લી સ્થિતિની જેલમાં ટ્રાન્સફર માટે ધ્યાનમાં લેવાને પાત્ર બને છે;
- જો કેદી ખુલ્લી સ્થિતિની જેલમાં જાય છે;
- જ્યારે ગુનેગારને મુક્ત કરવા અથવા શરતી ડિસ્ચાર્જ માટે ધ્યાનમાં લેવામાં આવે છે;
- જ્યારે ગુનેગારને છોડવાાં આવે છે, અથવા હોસ્પિટલમાંથી રજા આપવામાં આવે છે, અને જો તેમને જેલ અથવા હોસ્પિટલમાં પાછા બોલાવવામાં આવે છે;
- ગુનેગારને જેલમાંથી મુક્ત કરવાનો નિર્દેશ કરવો કે કેમ તે નક્કી કરવાનું પેરોલ બોર્ડને ભાગે આવે ત્યાં પીડિતનું વ્યક્તિગત નિવેદન કેવી રીતે આપવું.
- પેરોલ બોર્ડને તમારાી પીડિતાનું વ્યક્તિગત નિવેદન વાંચવા માટે કેવી રીતે અરજી કરવી, અથવા તમારા વતી તેને વાંચવા માટે, અથવા પેરોલ બોર્ડ જ્યાં મૌખિક સુનાવણી કરે છે તેવા કિસ્સાઓમાં અગાઉથી રેકોર્ડિંગ કેવી રીતે કરવું.
- સમુદાયમાં તમને ગુનેગારનો સામનો કરવાની તકો ઘટાડવા અથવા તેમને તમારો સંપર્ક કરવાથી પ્રતિબંધિત કરવા માટે લાઇસન્સ/ડિસ્ચાર્જ શરતો માટે કેવી રીતે અરજી કરવી;
- કોઇપણ લાઇસન્સ/ડિસ્ચાર્જ શરતો વિશે કે જે તમને સંબંધિત છે અને તે સમાપ્ત થશે તે તારીખ અથવા જ્યાં તેમને બદલવા અથવા દૂર કરવાની વિનંતી કરવામાં આવી છે;
- પેરોલ બોર્ડના નિર્ણયનો સારાંશ કેવી રીતે માંગવો અને જ્યાં પેરોલ બોર્ડ નક્કી કરે છે કે ગુનેગારને મુક્ત કરવામાં સુરક્ષિત છે ત્યાં રજૂઆતો કેવી રીતે કરવી;
- જો ગુનેગાર છટકી જાય અથવા કસ્ટડીમાંથી ફરાર થઇ જાય.
- ગુનેગારને સૌથી ગંભીર ગુના માટે દોષિત ઠેરવવામાં આવે તો માહિતી કેવી રીતે માંગવી (જુઓ 11.18-11.19); અને
- પુનર્વિચાર વિનંતી કેવી રીતે કરવી (જ્યાં લાયક હોય) (જુઓ 11.9-11.10)

11.4 સ્ટેટ્યુટરી ઓફેન્સ (વૈધાનિક ગના) ઉપરાંત, રાષ્ટ્રીય પ્રોબેશન સેવા પીડિતોને તે યોજનામાં પ્રવેશ પણ પૂરો પાડશે જ્યાં ગુનેગારને 12 મહિના કે તેથી વધુ જેલની સજા કરવામાં આવે છે (અથવા માનસિક સ્વાસ્થ્ય અધિનિયમ 1983 હેઠળ પ્રતિબંધ હુકમ સાથે અથવા વગર સારવાર માટે હોસ્પિટમાં અટકાયતમાં રાખવામાં આવે છે).

- બેદરકારી અથવા અવિચારી ડ્રાઇવિંગ દ્વારા મૃત્યુનું કારણ બને છે (રોટ ટ્રાફિક એક્ટ 1988)
- ખતરનાક ડ્રાઇવિંગ દ્વારા ગંભીર ઇજા પોંચાડવી (રોડ ટ્રાફિક એક્ટ 1988); અથવા
- ધનિષ્ઠ અથવા પારિવારિક સંબંધમાં નિયંત્રણ અથવા બળજબરીભર્યુ વર્તન (ગંભીર અપરાધ અધ્નિયમ 2015).

## 18 વર્ષથી ઓછી ઉંમરના અપરાધીઓનો ભોગ બનેલા

11.5 જો તમારા કેસમાં અપરાધીની ઉંમર 18 વર્ષથી ઓછી છે અને તમે પીડિત સંપર્ક યોજના માટે પાત્ર નથી, તો યુથ ઓફેન્ડિંગ ટીમ તમારો સીધો સંપર્ક કરી શકે છે.  આ એવા કિસ્સાઓમાં છે કે જ્યાં એક યુવાન અપરાધીને 12 મહિનાથી ઓછી કસ્ટડીમાં, 12 મહીના કે તેથી વધુ બિન-જાતીય અથવા અહિંસક ગુના માટે અથવા સમુદાય-આધારિત આદેશ માટેની સજા કરવામાં આવેલ છે. સમુદાય-આધારિત આદેશ જેલને બદલે સમુદાયમાં સજા ભોગવતા ગુનેગાર પર શરતો મૂકે છે.

11.6 યુથ ઓફેન્ડિંગ ટીમ સજા કરતા પહેલા તમારા મંતવ્યો મેળવી શકે છે અને જ્યાં યોગ્ય અને ઉપલભ્ય હોય ત્યાંતમે કોઇપણ પુન:સ્થાપન ન્યાય પહેલમાં સામેલ થવા માંગો છો કે કેમ તે તપાસ કરી શકે છે (અધિકાર 3 જુઓ).

તમને યુથ ઓફેન્ડિંગ ટીમ પાસેતી નીચેની માહિતી પ્રાપ્ત કરવાનો અધિકાર છે;

- વિનંતી પર ગુનેગારના કેસની પ્રગતિ વિશેની માહિતી; અને
- જો તમે વધારાની સહાય માટે માંગ કરો તો પીડિતોને સહાય આપતી યોગ્ય સેવાઓ વિશેની માહિતી

## પેરોલ બોર્ડ

11.8 પેરોલ બોર્ડે આ [ફૂટનોટ] કરવું જોઇએ:

- પીડીતોએ લાઇસન્સ શરતો વિશે કરેલી તમામ રજૂઆતોને ધ્યાનમાં લે; જ્યાં પીડિત વ્યક્તિએ લાયસન્સની શરતની વિનંતી કરી છે જેનો સમાવેશ કરવામાં આવ્યો નથી, અથવા તેમાં સુધારો કરવામાં આવ્યો છે, અને આ બિન-સમાવેશ અથવા સુધારા માટે સમજુતી પૂરી પાડે.
- જો એક રજૂ કરવામાં આવેલ હોય તો પીડિત વ્યક્તિગત નિવેદન વાંચે;
- પીડિત દ્વારા સુનાવણીમાં હાજર રહેવા અને તેમનું પીડિતનું વ્યક્તિગત નિવેદન વાંચવા અથવા તેમના વતી અન્ય કોઇ દ્વારા તેને વાંચવાની મંજૂરી આપવા માટે પીડિત દ્વારા કોઇપણ અરજી પર વિચાર કરે;

- જ્યાં સુધી આમ ન કરવા માટે કોઇ યોગ્ય કારણ ન હોય, તો પીડિત અથવા તેમના વતી અન્ય કોઇ વ્યક્તિ દ્વારા સુનાવણી દરમિયાન વાંચવામાં આવતા નિવેદન માટે સંમત થાય; અને
- અરજી પર પેરોલના નિર્ણયનો સારાંશ પ્રદાન કરે, સિવાય કે આમ ન કરવલા માટે યોગ્ય કારણ હોય. [ફૂટનોટ 47]

## પેરોલ બોર્ડ અને પીડિત વ્યક્તિગત નિવેદનો

### હું પેરોલ બોર્ડને પીડિત વ્યક્તિગત નિવેદન ક્યારે આપી શકું?

તમે પેરોલ સમીક્ષા સુધી કોઇ પણ સમયે નવું પીડિતાનું વ્યક્તિગત નિવેદન આપી શકો છો, પરંતુ પેરોલ બોર્ડ તેને વાંચી શકે તે માટે તે યોગ્ય સમયે રજૂ કરવું આવશ્યક છે. જો પેરોલ માટે મૌખિક સુનાવણી થવાની હોય તો પીડિતાનું વ્યક્તિગત નિવેદન ઓછામાં ઓછા આંઠ અઠવાડિયા અગાઉ રજૂ કરવું જોઇએ. પીડિતનું વ્યક્તિગત નિવેદન રજૂ કરી શકાય તે માટે પેરોલની સુનાવણીમાં વિલંબ થવાની શક્યતા નથી.

### શું હું મારો વિચાર બદલી શકું અથવા મારા પીડિત વ્યક્તિગત નિવેદનને અપડેટ કરી શકું?

તે તમારા પીડિત વ્યક્તિગત નિવેદનને અપડેટ કરી શકો છો અથવા નવું લખી શકો છો, પરંતુ પહેલાં તમારે પહેલાના નિવેદનને પાછુ ખેંચવુ પડશે. તમે દરેક પેરોલ સમીક્ષા માટે નવું નિવેદન લખી શકો છો.

### શું ગુનેગાર મારા પીડિત વ્યક્તિગત નિવેદનને જોઇ શકશે?

ઓવરરાઇડિંગ સિદ્ધાંત એ છે કે ગુનેગાર પેરોલ સમીક્ષાને લગતી તમામ માહિતી જોશે, સિવાય કે ખૂબ જ અસાધારણ સંજોગોમાં પેરોલ બોર્ડ તેને ગુનેગરને જાહેર ન કરવા માટે સંમત થાય. આ પ્રથા અમારી ફોજદારી ન્યાય પ્રાણીના મૂળભૂત સિદ્ધાંતો સાથે સુસંગત છે. જો કે, જો તમે ગુનેગાર તમારું નિવેદન વાંચે તેવું ઇચ્છતા ન હોવ તો તમે તમારા વિક્ટિમ લિએઝોન ઓફિસરને બિન-જાહેરત અરજી હેઠળ નિવેદનને રોકવા માટે અરજી કરવાનું કહી શકો છો. આ અંગેના નિયમો છે જેનું પાલન કરવાની જરૂર પડશે, જેમાં વિનંતી કરવા માટેની કડક સમયમર્યાદા (મૌખિક સુનાવણીના આંઠ અઠવાડિયા પહેલાં) અને માહિતી ક્યારે અટકાવી શકાય તે માટેના ચોક્કસ કારણનો સમાવેશ થયા છે, જે પેરોલ બોર્ડના નિયમો 2019માં નિર્ધારિત છે. અંતિમ નિર્ણય પેરોલ બોર્ડના હાથમાં છે. જો બોર્ડ મંજુર થાય છે કે તમરા પીડિત વ્યક્તિગત નિવેદનને જાહેર ન કરવામાં આવે, તો હજુ પણ કેદીના વકિલ તેને જોઇ શકશે, છતાંપણ તે/તેણી માટે એ જરુરી હશે કે તેઓ તે કેદીને જાહેર ન કરે. જો તમે બિન-જાહેર કરવાની વિનંતી કરો છો અને પેરોલ બોર્ડ તેને નકારે છે, તો તમે તમારુ પિડિત વ્યક્તિગત નિવેદન પાછુ ખેંચી શકો છો.

### વધુ પ્રશ્નો અથવા તમારા પીડિત વ્યક્તિગત નિવેદનને લખવામાં/રેકોર્ડ કરવામાં મદદ

જો તમને પીડિત વ્યક્તિનું વ્યક્તિગત નિવેદન આપવા વિશે પ્રશ્નો હોય, તો તેનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવશે અથવા શું શામેલ કરવું, તમે તમારા પીડિત સંપર્ક અધિકારી સાથે વાત કરી શકો છો. તેઓ તમને તમારું વ્યક્તિગત નિવેદન રેકોર્ડ કરવામાં મદદ પણ કરી શકે છે.

## પેરોલના નિર્ણયની સમીક્ષા કરવા માટે પૂછવું [ફૂટનોટ 48](પુન:વિચારણા પદ્ધતિ)

11.9 પેરોલ બોર્ડ અમુક અપરાધિઓને પેરોલ (લાયસન્સ પર મુક્તિ) અથવા રિકોલ (પાછા બોલાવ્યા) પછી પુન:મુક્તિ માટે ધ્યાનમાં લે છે અને જાહેર જનતાને તેમના નુકસાનના જોખમને આધારે તેમ કરે છે.

11.10 જો પેરોલ બોર્ડ નક્કી કરે કે ગુનેગારને મુક્ત કરવાનું સલામત છે, તો નિર્ણય મોટો ભાગના કિસ્સાઓમાં 21 કેલેન્ડર દિવસો માટે કામચલાઉ છે (માનક નિર્ધારિત રિકોલ સિવાય [ફુટનોટ 50]). રાજ્યના સચિવ આ સમયગાળા દરમિયાન પેરોલ બોર્ડને નિર્ણય પર પુનર્વિચાર કરવા માટે કહી શકે છે, જો તેમની પાસે દલીલ કરી શકાય તેવો કેસ હોય તો કે - પેરોલ માટે ગુનેગારની સમીક્ષામાં યોગ્ય પ્રક્રિયાને મંજૂરી આપવામાં આવી ન હતી - ઉદાહરણ તરીકે, મહત્વપૂર્ણ પુરાવા ધ્યાનમાં લેવામાં આવ્યા ન હતાં; અથવા - નિર્ણય અતાર્કિક હતો - ધ્યાનમાં લેવાયેલા જોખમના પુરાવાના આધારે નિર્ણયને ન્યાયી ઠેરવી શકાતો નથી.

પીડિત તરીકે, તમે રાજ્યના સેક્રેટરીની વિનંતી રજૂ કરી શકો છો કે પુન:વિચારણા માટેની અરજી કરવામાં આવે, જો તમે માનતા હોવ કે નિર્ણય આમાંથી કોઇપણ પરીક્ષણ (ટેસ્ટ)ને પૂર્ણ કરે છે. તમારી વિનંતી 21 દિવસના કામચલાઉ સમયમાં સબમિટ કરવી આવશ્યક છે. રાજ્યના સચિવ માત્ર ત્યારે જ આમ કરશે જ્યાં પુરાવા હશે કે માપદંડ પૂરા થયા છે. રાજ્યના સચિવ પુન:વિચારણા માટે અરજી કરે છે કે નહીં તેની જાણ કરતો પત્ર તમને પ્રાપ્ત થશે.

## જાતીય અપરાધી સૂચના જરૂરિયાતો સમીક્ષા પ્રક્રિયા

11.11 નોંધાયેલ લૈંગિક અપરાધીઓ 'જાહેર કરવાની આવશ્યકતાઓ' સામે વાંધો ઉઠાવે છે. આનો અર્થ એ છે કે તેઓએ પોલીસને તેમની કેટલીક અંગત વિગતો વિશે જણાવવુ પડશે. લૈંગિક ગુનાઓ અધિનિયમ 2003 હેઠળ શેડ્યૂલ 3 ગુના માટે, સૂચનાની આવશ્યકતાઓ દોષિત ઠેરવવામાં અથવા ચેતવણીનું સ્વયંસંચાલિત પરિણામ છે, પરંતુ જરૂરીયાતોને આધીન ગુનેગારને કેટલો સમય આપવામાં આવશે તે સજાના આધારે બદલાશે. સૂચનાની આવશ્યકતાઓનો ભંગ કરવો તે ફોજદારી ગુનો છે અને તે પાંચ વર્ષ સુધી જેલની સજાને પાત્ર છે.

11.12 અપરાધીઓ કે જેઓ આજીવન નોટીફીકેશન રીક્વાયરમેન્ટ (જાહેર કરવા માટેની આવશ્યકતાઓ)ને આધીન છે તેઓ પ્રથમ સૂચના પછીના નિર્ધારિત સમયગાળા પછી આ સમીક્ષા માટે અરજી કરી શકે છે, જે સામાન્ય રીતે જેલમાંતી મુક્તિ સમયે થાય છે. સમયનો નિર્ધારિય સમયગાળો પુખ્તો માટે 15 વર્ષ અને કિશોરો માટે 8 વર્ષ છે. જો ગુનેગાર આવી અરજી કરે છે તો પછી પોલીસ એક સમીક્ષા હાથ ધરશે, જેમાં તે નક્કી કરવા માટે જોખમ મૂલ્યાંકનનો સમાવેશ થાય છે કે શું અપરાધીઓની સૂચના પુન:પ્રાપ્તિને અટકાવી શકાય કે કેમ. લૈંગિક અપરાધીઓ કે જેઓનું મૂલ્યાંકન હજુ પણ જોખમી તરીકે કરવામાં આવ્યુ છે તેઓ નોટીફિકેશન રિક્વાયરમેન્ટ (જાહેર કરવાની આવશ્યકતાઓ)ને આધીન રહેશે અને જો જરૂરી હોય તો જીવનભર તેમ કરશે.

011.13 જો તમે આવી અરજી કરનાર ગુનેગારનો ભોગ બનતા હોવ, તો તમને પોલીસ દ્વારા તેમની સમીક્ષાના ભાગરૂપે અરજી પર તમારા મંતવ્યો રજૂ કરવા માટે સંપર્ક કરવાનો અધિકાર છે. તમારા પીડિત સંપર્ક અધિકારી તમને આ પ્રક્રિયા વિશે વધુ માહિતી આપશે.

## વિદેશી રાષ્ટ્રીય અપરાધીઓ

જો તમે વિદેશી નાગરિક અને ગુનેગાર દ્વારા કરવામાં આવેલા ગુનાનો ભોગ બન્યા હોવ - તમારી સામેના ગુના માટે 12 મહિના કે તેથી વધુની જેલની સજા અથવા હોસ્પિટલનો ઓર્ડર મળ્યો હોય - અને તમારી સામે કોર્ટ દ્વારા ગુના માટે દેશનિકાલની ભલામણ કરવામાં આવી હતી; અથવા હિંસક અથવા લૈંગિક ગુના માટે જેલની સજા કરવામાં આવી હતી

પછી તમને અપરાધીઓના દેશનિકાલ વિશેની માહિતી મેળવવાનો અધિકાર છે. તમે આ માહિતી પ્રાપ્ત ન કરવાનું પસંદ કરી શકો છો. રાષ્ટ્રીય પ્રોબેશન સર્વિસ (પીડિત સંપર્ક અધિકારી અને અપરાધી મેનેજર) એ શક્ય હોય ત્યાં સુધી, કેદીની ઇમિગ્રેશન સ્થિતિ વિશેની માહિતી અને દેશનિકાલની કોઇપણ માહિતી પીડિતોને આપવામાં આવે તેની ખાતરી કરવા માટે ઇમિગ્રેસન સત્તાવાળાઓ સાથે કામ કરવા માટે તમામ વાજબી પગલાં લેવા જોઇએ.

જો તમે 11.14માં નિર્ધારિત કરેલા ગુનાનો ભોગ બન્યા હોવ, તો પીડિત સંપર્ક યોજના (જુઓ 11.1) દ્વારા સોંપાયેલ તમારા પીડિત સંપર્ક અધિકારી તમારા વતી હોમ ઓફિસમાંથી અપડેટસ મેળવવા માટે સક્ષમ હશે.

11.16 જો તમે પીડિત સંપર્ક યોજના માટે પાત્ર નથી અથવા યોજનામાંથી બહાર નીકળ્યા છો, પરંતુ તમે માપદંડને પૂર્ણ કરો છો (જુઓ 11.14) તો તમારા વતી હોમ ઓફિસમાંથી અપડેટ્સ મેળવી શકશો.

11.17 દેશનિકાલની કાર્યવાહી કરવા માંગે છે - દેશનિકાલ સામેની કોઇપણ અપીલનું અંતિમ પરિણામ - જ્યારે ગુનેગારને ઇમિગ્રેશન અટકાયતમાંથી મુક્ત કરવામાં આવશે - જ્યારે ગુનેગારને દેશનિકાલ કરવામાં આવ્યો હોય; અથવા - જો ગુનેગારને દેશનિકાલ કરવામાં આવતા નથી અને જો શક્ય હોય તો, તેના કારણો.

## ગંભીર વધુ અપરાધ સમીક્ષાઓ

11.18 જો કોઇ ગુનેગાર વધુ ગંભીર ગુનો કરે [ફૂટનોટ 51]જ્યારે તેઓ પ્રોબેશન સેવાઓના પ્રદાતા દ્વારા કાયદાકીય દેખરેક સમાપ્ત થયાના થોડા સમય પછી, કેસ કેવી રીતે મેનેજ કરવામાં આવ્યો હતો અને ભવિષ્યમાં કેસોનું સંચાલન કરવા માટે કોઇ સુધારા કરવાની જરૂર છે કે નહીં તેની તપાસ કરવા માટે પ્રોબેશન સેવાઓના પ્રદાતા ગંભીર વધુ ગુનાની સમીક્ષા હાથ ધરશે.

11.19 સૌથી ગંભીર કિસ્સાઓમાં, પ્રોબેશન સેવાઓના પ્રદાતાઓ ગુનેગારને દોષિત ઠેરવ્યા પછી પીડિત અથવા તેમના પરિવારો સાથે ગંભીર વધુ ગુનાની સમીક્ષાના તારણો શેર કરવાની ઓફર કરશે.  જો આવું થાય, તો તમને તમારા પીડિત સંપર્ક અધિકારી દ્વારા સંપર્ક કરવાનો અધિકાર છે, તે પૂછવામાં આવે કે શું તમે વધુ ગંભીર ગુનાની સમીક્ષાના તારણો વિશે વાત કરવા માટે પ્રોબેશન સેવાઓના પ્રદાતાના વરિષ્ઠ મેનેજરને મળવા માંગો છો, અને જો તમે રિપોર્ટની નકલ જોઇએ છે.

# અધિકાર 12. તમારા અધિકારો ન મળવા વિશે ફરિયાદ કરવી

12.1 જો તમે માનતા હોવ કે તમને આ સંહિતા હેઠળ તમારા કોઇ પણ અધિકારો પ્રાપ્ત થયા નથી, તો તમે ફરીયાદ કરી શકો છો.  પ્રથમ કિસ્સામાં, અને જો તમે આમ કરવામાં આરામદાયક અનુભવો છો, તો તમારે સંબંધિત સેવા પ્રદાતા પાસે તમે જેની સાથે વ્યવહાર કરી રહ્યા છો તેની સાથે તમારી ફરિયાદની ચર્ચા કરવી જોઇએ.

12.2 જો તમે નાખુશ રહેશો, અથવા તમે જેની સાથે વ્યવહાર કરો છો તેની સાથે ફરિયાદની ચર્ચા કરવામાં તમને આરામદાયક લાગતું નથી, તો તમે સેવા પ્રદાતાઓની આંતરિક ફરિયાદ પ્રક્રિયા દ્વારા ફરિયાદ કરી શકો છો. [ફૂટનોટ 52] તેઓ તમને તેમની ફરિયાદ પ્રક્રિયા વિશે માહિતી પ્રદાન કરશે અને આ પ્રક્રિયામાં નિર્ધારિત સમયમર્યાદામાં જવાબ આપશે.

જો તમે તમારી ફરિયાદ ખોટી સેવા પ્રદાતાને મોકલો છો અથવા તેની સાથે એક કરતાં વધુ સેવા પ્રદાતા કાર્યવાહી કરવાની જરૂર હોય, તો તેઓ તમને જાણ કરશે.

12.4 જો તમે સેવા પ્રદાતાઓની ફરિયાદની પ્રક્રિયા પૂરી કર્યા પછી પણ સંતુષ્ટ ન હોવ, અથવા તેઓ તમ્રારી પાસે પાછા આલવવામાં ઘણો સમય લઇ રહ્યા હોય, તો તમે તમારા સંસદ સભ્યને તમારી ફરિયાદ સંસદીય અને આરોગ્ય લોકપાલને મોકલવા માટે કહી શકો છો.  લોકપાલ તેમને રેફર કરવામાં આવેલ કોઇપણ ફરિયાદોને ધ્યાનમાં લેશે અને જ્યાં યોગ્ય લાગે, સ્વતંત્ર તપાસ કરશે.

12.5 લોકપાલને ફરિયાદ કરવા વિશે વધુ માહિતી તેમની વેબસાઇટ www.ombudsman.org.uk અથવા 0345 015 4033 પર તેમની ગ્રાહક હેલ્પલાઇન પર કોલ કરીને મળી શકે છે.[ફૂટનોટ 53]

1. પીડિતો સંહિતા ઘરેલુ હિંસા, અપરાધ અને પીડિત અધિનિયમ 2004ની કલમ 32 હેઠળ ન્યાય માટેના રાજ્ય સચિવ દ્વારા જારી કરવામાં આવે છે.
2. કાનૂની વ્યક્તિઓ (દા.ત. વ્યવસાય અથવા અન્ય સાહસો જેમ કે સખાવતી સંસ્થાઓ) પીડિતની વ્યાખ્યામાં સમાવિષ્ટ નથી.  જોકે ધંધાકીય અને અન્ય સાહસો જેમ કે સખાવતી સંસ્થાઓ આ સંહિતામાં સેવાઓ મેળવી શકે છે અને જ્યાં તેમની સામે ફોજદારી ગુનો આચરવામાં આવ્યો હોય ત્યાં અસર નિવેદન આપી શકે છે, સંબંધિત સેવા પ્રદાતાના સંપર્કના નામની જોગવાઇને આધીન.  વ્યવસાય માટે અસર નિવેદનકેવી રીતે વનાવવું તે વિશે વધુ માહિતી ↩
3. આ સંહિતાના હેતુઓ માટે 'ગુનાહિત અપરાધ'નો અર્થ એવો ગુનો છે કે જે ઇંગ્લેન્ડ અને વેલ્સમાં કરવામાં આવેલ છે અથવા ફોજદારી કાર્યવાહીને આધીન છે.↩
4. +આ સામાન્ય રીતે જીવનસાથી, ભાગીદાર, સીધો સંબંદ ધરાવતા સંબંધીઓ, ભાઇ-બહેનો અને પીડિતના આશ્રિતોનો સંદર્ભ આપે છે. સેવા પ્રદાતાની વિવેકબુદ્ધિથી વાલીઓ અને સંભાળ રાખનારાઓ સહિત પરિવારના અન્ય સભ્યોને નજીકના સંબંધીઓ ગણી શકાય.
5. જ્યાં સુધી માતા-પિતા અથવા વાલી તપાસ હેઠળ હોય અથવા ગુનાના સંબંધમાં પોલીસ દ્વારા આરોપ મુકવામાં આવ્યો હોય અથવા જો, સામેલ સેવા પ્રદાતાના વાજબી અભિપ્રાય મુજબ, તમારા માતાપિતા અથવા વાલી માટે આવી સેવાઓ મેળવવી તે પીડિતના શ્રેષ્ઠ હિતમાં નથી.↩

6. www.gov.uk/government/publications/the-witness-charter-standards-of-care-for-witnesses-in-the-criminal-justice-system↩

7. આ પતિ/પત્ની, જીવનસાથી, સીધો સંબંધ ધરાવતા સંબંધીઓ, ભઇ-બહેનો અને પિડિતના આશ્રિતોનો સંદર્ભ આપે છે. વિદેશી, કોમનવેલ્થ અને વિકાસ કાર્યાલયની વિવિકબુદ્ધિથી નજીકના સંબંધીઓ ગણવામાં આવે તેવા વાલીઓ અને સંભાળ રાખનારાઓ સહિત પરિવાના અન્ય સભ્યો.

8. અઠવાડિયાના 7, દિવસ 24 કલાક ઉપલભ્ય છે. જો તમે યુનાઇટેડ કિંગડમમાં ન હોવ, તો તમે નજીકના બ્રિટિશ એમ્બેસી, હાઇ કમિશન અથવા કોન્સ્યુલેટની સંપર્ક વિગતો ઓનલાઇન મેળવી શકો છો.↩

9. હર મેજેસ્ટીઝ પ્રિઝન એન્ડ પ્રોબેસન સરવિસ હેલ્પલાઇન (પીડિત હેલ્પલાઇન) જાળવવી જોઇએ જેથી પીડિતને કોઇ કેદી તરફથી અનિચ્છનીય સંપર્ક મળે તો તમની પાસે ફોન કરવા માટે નંબર હોય.↩

10. સોમવાર - શુક્રવાર, વરાલે 9.00 - સાંજે 4.00

11. તેમાં આ સંહિતાના અધિકારો 3, 4, 5, 6, 8, 9 અને 11 હેઠળ સંચાર માહિતી શામેલ હોઇ શકે છે.

12. www.gov.uk/contempt-of-court↩

13. www.nhs.uk/live-well/sexual-health/help-after-rape-and-sexual-assault/↩

14. વિટનેસ કેર યુનિટ એ પોલીસની આગેવાની હેઠળના કાર્યનું વર્ણન કરવા માટેનું સામાન્ય નામ છે જે ફોજદારી ન્યાય પ્રણાલી દ્વારા આગળ વધતા કેસોમાં પીડિત અને સાક્ષીઓને માહિતી અને સહાય પૂરી પાડે છે. આ એકમને તમારા સ્થાનિક વિસ્તારમાં બીજા નામે ઓળખવામાં આવી શકે છે. પોલીસ તમને એકમનું નુામ જણાવશે જે આ સંહિતામાં સાક્ષી સંભાળ એકમને સોંપેલ અધિકારો આપે છે. ↩

15. આ માત્ર એટલી હદે લાગુ પડે છે કે સેવા પ્રદાતાએ ગુનાની ફોદજારી ન્યાય તપાસ કરવા માટે ઔપચારિક રીતે જવાબદારી સ્વીકારી હોય અથવા તે ગુનાની કાર્યવાહી કરવાનો નિર્ણય લેવાની ઔપચારિક જવાબદારી સ્વીકારી હોય.↩

16. આ યુથ જસ્ટિસ એન્ડ ક્રિમિનલ એવીડન્સ એકટ (યુવા ન્યાય અને ફોજદારી પુરાવા અધિનિયમ)ની કલમ 16 ના માપદંડો પર આધારિત છે જે કોર્ટ માટે વિશેષ, પગલાં માટે પાત્રતા નક્કી કરવા માટે છે. ↩

17. ઉદાહરણ તરીકે આ સંહિતા હેઠળ સામાન્ય ઉન્નત અધિકારો માટે. જો કે યુથ જસ્ટિસ એન્ડ ક્રિમિનલ એવિડન્સ એકટ 1999ની કલમ 16 હેઠળ વિશેષ પગલાં માટે પાત્ર બનવા માટે, સુનાવણી વખતે તમારી ઉંમર 18 વર્ષથી ઓછી હોવી જોઇએ. ↩

18. આ યુથ જસ્ટીસ એન્ડ ક્રિમનિલ જસ્ટીસ એવીડન્સ એકટ 1999ની કલમ 17માં વિશેષ પગલાં માટે યોગ્યતા માપદંડ પર આધારિત છે.↩

19. આમાં બોલાયેલ અને બિન-બોલાયેલ બંને દુભાષિયાનો સમાવેશ થાય છે, ઉદાહરણ તરીકે જો પીડિત બહેરા હોય અથવા તેમને સાંભળવામાં કઠિનાઇ હોય.↩

20. તમે સમજો છો તે ભાષામાં અથવા જો અંગ્રેજી ન બોલતા હોવ તો જરૂરી ભષાકીય સહાય સાથે તમને ગુનાની જાણ કરવાનો અધિકાર છે. ↩

21. અધિકાર 6 સમીક્ષા માટે પિડીતનો અધિકાર હેઠળ આપવામાં આવેલ સમજુતી જૂઓ.↩

22. વેલ્શ લેંગ્વેજ એક્ટ 1993ની કલમ 22(1): "વેલ્સમાં કોઇપણ કાનૂની કાર્યવાહીમાં, વેલ્શ ભાષા કોઇપણ પક્ષકાર, સાક્ષી અથવા અન્ય વ્યક્તિ દ્વારા બોલવામાં આવી શકે છે જે તેનો ઉપયોગ કરવા ઇચ્છે છે." મેજિસ્ટ્રેટ કોર્ટની કાર્યવાહીમાં વેલ્શ ભાષાનો ઉપયોગ કરવા માટે કોઇ પૂર્વ સૂચનાની જરૂર નથી. છતાંપણ, કેટલીકવાર દુભાષિયા માટે ગોઠવણ કરવી જરૂરી છે, અને વેલ્શ ભાષા એકમને જરૂરી જોગવાઇઓ કરવા માટે અગાઉથી સૂચના આપવામાં આવશે. ↩

23. યુથ ઓફેન્ડિંગ ટીમ એક બહુવીધ-સંસ્થાઓની ટીમ છે જે 10 થી 17 વર્ષની વયના બાળકો સાથે કામ કરે છે જેઓએ ગુનો કર્યો હોય અથવા ગુનો કરવાના જોખમમાં હોય. તેઓ આપેલ સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા સંકલિત કરવામાં આવે છે અને યુવા ન્યાય પ્રણાલીના ભાગ રૂપે યુવા ન્યાય બોર્ડ દ્વારા તેનું નિરીક્ષણ કરવામાં આવે છે.

24. www.apccs.police.uk/find-your-pcc/↩

25. www.apccs.police.uk/find-your-pcc/↩

26. યુવા ન્યાય અને ફોજદારી પુરાવા અધિનિયમ 1999 એ વિવિધ પ્રકારના પગલાં રજૂ કર્યા છે જેનો ઉપયોગ નબળા અને ડરાવવામાં આવેલ હોય તેવા સાક્ષીઓ દ્વારા પુરાવા એકત્ર કરવા અને આપવા માટે કરી શકાય છે. પગલાંને સામૂહિક રીતે "વિશેષ પગલાં" તરીકે ઓળખવામાં આવે છે. વિશેષ પગલાં પુરાવા આપવા સાથે સંકળાયેલા કેટલાક તણાવને દૂર કરવામાં મદદ કરે છે અને ફરિયાદી અને બચાવ પક્ષના સાક્ષીઓને લાગુ પડે છે, પરંતુ પ્રતિવાદીને નહીં. ↩

27. જો તમે ફોજદારી ઇજાઓ વળતર માટે અરજી કરવાનું વિચારી રહ્યા છો, તો તમારે ધ્યાન રાખવું જોઇએ કે જ્યાં સુધી તમે હુમલાખોરને ન્યાય સુધી પહોંચાડવામાં વ્યાજબી રીતે વ્યવહારુ હોય ત્યાં સુધી સહકાર ન આપો ત્યાં સુધી એવોર્ડ રોકી દેવામાં આવશે.↩

28. ફોજદારી ઇજાઓ વળતર સત્તાધિકારી તરફથી વળતર માટેની પાત્રતા તમારા રહેઠાણ અથવા રાષ્ટ્રીયતા પર નિર્ભર હોઇ શકે છે, સિવાય કે તમે સક્ષમ અધિકારી દ્વારા માનવ તસ્કરીનો ભોગ બનનાર તરીકે નિર્ણાયક રીતે ઓળખવામાં આવે અથવા ઇમિગ્રેશન અધિનિમય 1971ની કલમ 3(2) હેઠળ બનેલા ઇમિગ્રેશન નિયમો હેઠળ આશ્રય આપવામાં આવે. ↩

29. અસાધારણ સંજોગોને કારણે ગાઉ અરજી કરી શકાઇ ન હતી; અને એવા પુરાવા ઉપલબ્ધ છે જે હિંસાનો ગુનો થયો છે અને દાવાના અધિકારી વધુ વિસ્તૃત પૂછપરછ કર્યા વિના નિર્ણય લઇ શકે છે. ↩

30. સોમવાર - શુક્રવાર, સવારે 10.00 થી - બપોરે 3.00 સુધી

31. કાર્યવાહીના વિકલ્પો, જેમ કે ચેતવણી, શરતી ચેતવણી અને અવ્યવસ્થા માટે દંડની સૂચનાઓ, જે નિમ્ન સ્તરના, ઘણી વખત પહેલી વખત અપરાધ કરનાર સાથે વ્યવહાર કરવા માટે બનાવાયેલ છે, જ્યાં કાર્યવાહી જાહેર હિતમાં હોતી નથી.↩

32. અન્ય સેવા પ્રદાતાઓ (આ સંહિતાના પૃષ્ઠ 8 પર સૂચિબદ્ધ) તેમની પોતાની યોજના દ્વારા સમીક્ષા માટે કેવી રીતે પૂછવું તે સમજાવશે.↩

33. પીડિતોને સમીક્ષા કરવાનો અધિકાર ખાસ કરીને કાર્યવાહી ન કરવાના નિર્ણયો સાથે સંબંધિત છે. તે અપરાધ નોંધણીના નિર્ણયો અથવા પૂછપરછ ચાલુ ન રાખવાના નિર્ણયોને આવરી લેતું નથી.

34. ઉલ્લેખિત કિસ્સાઓમાં જ્યાં પીડિતો ક્રાઉન પ્રોસિક્યુશન સરવિસ સાથે મળવા માટે હકદાર છે: બાળકો સાથે દુર્વ્યવહાર; જાતીય ગુનાઓ; વંશ અને ધર્મને કારણે ઉશ્કેરાયેલ અપરાધો; હોમોફોબિક અથવા ટ્રાન્સફોબિક તત્વો સાથેના ગુનાઓ; ડિસેબિલિટીના આધારે દુશમનાવટ દ્વારા ઉશ્કેરાયેલા અપરાધો; અને વયના આધારે દુશ્મનાવટથી પ્રેરિત કેસ.↩

35. જે કેસમાં શોકગ્રસ્ત પરિવાર ક્રાઉન પ્રોસિક્યસશન સરવિસ સાથે મળવા માટે હકદાર છે: ખરતરનાક ડ્રાઇવિંગ દ્વારા મૃત્યુનું કારણ બને છે, બેદરકારીપૂર્વક ડ્રાઇવિંગ દ્વારા મૃત્યુનું કારણ બને છે અથવા દારૂ અને ડ્રગ્સના સેવનને કારણે ડ્રાઇવિંગ કરવા માટે લાયક ન હોવા છતાં અવિચારી ડ્રાઇવિંગ કરવા મારફત, લાયસન્સ વિના, લાયસન્સ લઇ લેવામાં આવેલ હોય (ડિસ્ક્વોલિફાઇડ) અથવા વિમા વિનાનું વાહન ચલાવવાતી મૃત્યુ પામેલ હોય.↩

36. ગુનેગાર દ્વારા કરવામાં આવેલી પ્રગતિ અને વિકાસને જોતાં, એકવાર ગુનેગાર તેમની મૂળ લઘુત્તમ મુદતનો અડધો ભાગ પૂરો કરી લે તે પછી હર મેજેસ્ટીની નિગરાની હેઠળ અટકાયતમાં રખાયેલા અપરાધીઓની લઘુતમ મુદતની સમીક્ષા હાઇ કોર્ટ દ્વારા કરી શકાય છે.  આ એક હકીકતને પ્રતિબંબિત કરે છે કે યુવાન લોકો પુખ્ત વયના લોકો કરતા વધુ ઝડપથી બદલાય છે, જે સજા સંભળાવવાના સમયે સંપૂર્ણ રીતે દેખાઇ ન શકે. પીડિતો અથવા મૃતક પીડિતનો પરિવાર પીડિત વ્યક્તિગત નિવેદન હાઇ કોર્ટમાં રજૂ કરી શકે છે. ↩

37. જો ગુનેગાર જ્યુરી દ્વારા દોષિત જાહેર ન કરવામાં આવેલ હોય તો સાક્ષી સંભાળ એકમ સમજૂતી પૂરી પાડવા માટે અસમર્થ રહેશે, કારણ કે જયુરીએ તેમના નિર્ણય માટે કારણો આપવાના નથી. ↩

38. જો તેમને સજા અંગે ચિંતા હોય તો ક્રાઉન પ્રોસિક્યુસન સરવિસ એટર્ની જનરલનો પણ સંપર્ક કરી શકે છે. ↩

39. ક્રાઉનના એટર્ની જનરલ મુક્ય કાનૂની સલાહકાર છે અને તેમની પાસે સંખ્યાબંધ જાહેર હિતના કાર્યો છે, તેમજ કાયદા અધિકારીઓના વિભાગોની દેખરેખ છે. ↩

40. જો કોઇ સજા "વધુ પડતી ઉદાર" હોય અને ન્યાયાધીશે વ્યાજબી રીતે યોગ્ય ગણી શકાય તેવી સામાન્ય શ્રેણીની બહાર હોય.↩

41. જો તમે પીડિતનું વ્યક્તિગત નિવેદન પેરોલ બોર્ડ પેનલ સમક્ષ રજૂ કરવા માટે જેલમાં હાજરી આપો છો, તો તમે પેરોલ બોર્ડમાંથી ચોક્કસ ખર્ચનો દાવો કરવા માટે પાતદ્ર છો, ઉદારણ તરીકે, મુસાફરી, અથવા નાસ્તો અને ભોજન માટે.  જો તમને આ ખર્ચનો દાવો કરવા વિસે કોઇ પ્રશ્ન હોય તો તમારા પીડિત સંપર્ક અધિકારી મદદ કરી શકશે. ↩

42. ગુનાની કાર્યવાહી કરવા માટે જવાબદાર અન્ય સેવા પ્રદાતાઓ પાસે એવા નિયમો હોવા જોઇએ કે જેના હેઠળ પીડિતોને પુરાવા આપવા માટે કોર્ટમાં હાજર રહેવાતી તયેલ ખર્ચની ભરપાઇ કરવાની સંભાવના હોય.↩

43. ઘરેલુ દુર્વ્યવહાર, અપરાધ અને પીડિત અધિનિયમ 2004ની કલમ 45(2)માં વ્યાખ્યાયિત કર્યા મુજબ.

44. આ કેસમાં જેલનો અર્થ એવી કોઇ પણ જગ્યાએ હોઇ શકે છે જ્યાં વ્યક્તિ અટકાય માટે યોગ્યતા ધરાવતા હોય, ઉદાહરણ તરીકે યુવાન અપરાધીઓની સંસ્થા.

45. જો કોર્ટ માન છે કે કે અન્યને ગંભીર નુકસાન સામે રક્ષણ માટે આ જરુરી છે તો દર્દી પર પ્રતિબંધો મૂકવામાં આવશે. રાજ્યાના સચિવ 'પ્રતિબંધિત દર્દીઓ'ના સંચાલનમાં સામેલ છે. આનો અર્થ એ છે કે રાજ્યના સચિવ અપરાધીઓનવા પુનર્વસન વિશે નિર્ણયો લેશે. 'બિન-પ્રતિબંદિત દર્દીઓ'નું સંચાલન ચિકિત્સકો અને હોસ્પિટલના સંચાલકો દ્વારા કરવામાં આવે છે.↩

46. મોટાભાગના કેદીઓને પેરોલ બોર્ડની કોઇપણ સંડોવણી વિના આપોઆપ મુક્ત કરવામાં આવે છે. પેરોલ બોર્ડ જે મુખ્ય કોટીના કેદીઓને મુક્ત કરવા માટે યોગ્યતા ધ્યાનમાં લેવા માટે જવાબદાર છે તે છે: એ) વિસ્તૃત નિર્ધારિત સજા કેદીઓ કે જેઓ કસ્ટડીમાં તેમની સજાનો ચોક્કસ ભાગ પૂરો કર્યા પછી લાઇસન્સ પર મૂક્ત થઇ શકે છે. બી) અનિશ્ચિત સજાના કેદીઓ જેમ કે જાહેર સુરક્ષા માટે કેદ કરાયેલ અથવા આજીવન કેદ ભોગવનારાઓ, અને સી) લાયસન્સની શરતોનો ભંગ કર્યા પછી કસ્ટડીમાં પાછા બોલાવવામાં આવેલા કેદીઓ માટે પ્રમાણભૂત સજા નક્કી કરે છે.↩

47. ઉદાહરણ તરીકે, જ્યાં તે કોઇને - ગુનેગાર, પીડિત અથવા અન્ય વ્યક્તિને જોખમમાં મૂકી શકે છે.↩

48. https://www.gov.uk/guidance/challenge-a-parole-decision↩

49. અસાધારણ સંજોગોમાં આ સમયગાળો ઘટાડવા માટે વિનંતી કરી શકાય છે, જો આવું થાય તો પીડિતને જાણ કરવામાં આવશે.

50. નિર્ધારિત જેલની સજા ચોક્કસ સમયગાળા માટે છે. કેદી સજાનો પહેલો અડધો અથવા બે તૃતીયાંશ (સજા અને ગુનાની એસંદર લંબાઇના આદારે) જેલમાં અને બાકીનો હિસ્સો તે સમુદાયમાં 'લાઇસન્સ' પર ગુજારશે. જો તેઓ લાયસન્સની કોઇપણ શરતોનો ભંગ કરે છે, ઉદાહરણ તરીકે તેઓ નબળા વર્તનનું નિર્દેશન કરે છે જે તેમના જોખમને વધારે છે, તો તેમને બાકીની સજા પૂરી કરવા માટે જેલમાં પાછા બોલાવી શકાય છે.

51. પ્રોબેશન સંસ્થા 15/2014ના પરિશિષ્ટ સીમાં સૂચિબદ્ધ ગુનો 'અધિક ગંભીર ગુનાઓ માટેની જાહેર કરવાની અને સમીક્ષા પ્રક્રિયાઓ' (જે સમયાંતરે સુધારવામાં આવે છે). હાલમાં આ તમામ ગંભીર હિંસક અથવા જાતીય અપરાધો છે જે મહત્તમ 14 વર્ષની કેદ અથવા અનિશ્ચિત સજાને આકર્ષે છે.↩

52. સેવા પ્રદાતાઓ પાસે સ્પષ્ટ રીતે ઓળખાયેલ ફરિયાદ પ્રક્રિયા હોવી આવશ્યક છે જેના દ્વારા પીડિતો ફરિયાદ કરી શકે છે જો આ કોડ હેઠળના તેમના અધિકારોનું પાલન ન થયું હોય.

53. સોમવાર - ગુરુવાર, સવારે 8.30 થી સાંજે 5.00 સુધી, શુક્રવાર, સવારે 8.30 થી બપોરે 12.00 સુધી.↩